**સુવિચાર**

માતાનો સ્નેહ, પત્નીનો પ્રેમ, જ્ઞાનીમિત્રો સાથે વાર્તાલાપ અને પિતાનું વાત્સલ્ય આ બધી વસ્તુ ઝરણા સમાન છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૬/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ જેઠ વદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૧૫૫


## વાવાઝોડુ દર કલાકે ૫ કિમીની ગતિથી આગળ વધી રહ્યું છે

# જખૌ પોર્ટ નજીક ''બિપરજોય'' વાવાઝોડુ આજે ટકરાશે

**આજે દ્વારકાધીશ મંદિર બંધ રહેશે, દ્વારકા, કચ્છ અને જામનગર જિલ્લામાં વધારે અસર જોવા મળે તેવી સંભાવના**

**''બિપરજોય'' વાવાઝોડાની વધારે અસર સૌરાષ્ટ્ર-કચ્છનાં દરિયાકાંઠે જોવા મળશે**

**દ્વારકાનાં દરિયાકાંઠે ભારે પવન અને કરંટ જોવા મળી રહ્યો હોય તંત્ર એલર્ટ**

**રાજય અને કેન્દ્ર સરકાર તેમજ સેવાભાવી સંસ્થાઓ અને આગેવાનો પણ પળેપળની નજર રાખી રહ્યા છે**







ગાંધીનગર, તા. ૧૪

બિપોરજોય વાવાઝોડું જેમ જેમ નજીક આવતું જઈ રહ્યું છે તેમ તેમ ગુજરાત સહિત મોટાભાગના રાજ્યોના લોકોના ધબકારાં વધતા જઈ રહ્યાં છે. આ દરમિયાન ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)એ તેના તાજેતરના અપડેટમાં જણાવ્યું હતું કે બિપોરજોય વાવાઝોડું લગભગ દર કલાકે ૫ કિલોમીટર આગળ વધી રહ્યું છે. તે દેવભૂમિ દ્વારકાથી લગભગ ૨૯૦ કિ.મી.ના અંતરે રહી ગયુંછે. ૧૫ જૂનની સાથે તે ગુજરાત સાથે અથડાઈ શકે છે તેવી પૂરેપૂરી શક્યતા છે.

બિપોરજોય વાવાઝોડું આવતીકાલે ૧૫ જુને સાંજે ત્રાટકશે. જેની સીધી અસર સૌરાષ્ટ્ર અને કચ્છ કાંઠે જોવા મળશે. હાલ દ્વારકાના દરિયાકાંઠે ભારે પવન ફૂંકાય રહ્યો છે અને દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે ત્યારે આવતીકાલે દ્વારકાધીશ મંદિર બંધ રાખવાની જાણ એસડીએમ પાર્થ તલસાણીયા દ્વારા કરવામાં આવી


**અનુસંધાન પાના ૬ ઉપર**


### ધારીનાં દલખાણીયા ગામે

## ઉછીના પૈસા આપવાની ના પાડતા કાકા-ભત્રીજા ઉપર જીવલેણ હુમલો

**કુહાડીથી ઘવાયેલ કાકાનું સારવારમાં મોત નિપજ્યું**

અમરેલી, તા. ૧૪

ધારી તાલુકાનાં દલખાણીયા ગામે રહેતા કેવલ ધીરૂભાઈ દેલવાડીયા નામનાં ૧૯ વર્ષિય યુવકનાં કૌટુંબિક કાકા વિનુભાઈ સવજીભાઈ ખાખડીયા આજે સવારે ૯ વાગ્યાનાં સમયે પોતાના ઘરે કાગળ બાંધતા હોય ત્યારે કાગળ બાંધવાની


**અનુસંધાન પાના ૬ ઉપર**


### આકાશ વાઘેલાએ અંતિમવાટ પકડી

## અમરેલી : જુના માર્કેટયાર્ડનાં દરવાજા પાસે યુવકે ઝેરી દવા ગટગટાવી લેતા મોત

**પત્ની રીસામણે હોય, તેડવા જતાં નહી આવતાં પગલું ભર્યુ**

અમરેલી, તા. ૧૪, અમરેલીનાં ચકકરગઢ રોડ ઉપર રહેતા આકાશ રસીકભાઈ વાઘેલા નામનાં ૨૭ વર્ષિય યુવકનાં પત્ની છેલ્લા નવેક માસથી રીસામણે હોય અને તેને તેડવા જતાં છતાં તેણી નહી આવતા યુવકને લાગી આવતા અમરેલીનાં જુના માર્કેટયાર્ડનાં દરવાજા પાસે ઝેરી દવા પી લેતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### રાજુલા પાલિકા દ્વારા સંભવિત અસરગ્રસ્તોનું સ્થળાંતર કરવામાં આવ્યું

## અમરેલી જિલ્લામાં સંભવિત વાવાઝોડાને લઈને તંત્ર એલર્ટ

**જનતાને સાવચેત રહેવા અને માચ્છીમારોને દરિયો ન ખેડવા સુચના**

અમરેલી, તા. ૧૪

સંભવિત સાયકલોન ' બિપરજોય'ના પગલે ગુજરાતના દરિયાકાંઠાના કેટલાંક જિલ્લાઓ અસરગ્રસ્ત થવાની શકયતાઓ છે. ગુજરાત રાજય સરકાર દ્વારા સાવચેતી અને અગમચેતીના ભાગરૂપે વિવિધ તૈયારીઓ કરી દેવામાં આવી છે. અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા અગમચેતી સ્વરૂપ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સંપૂર્ણ સજજતા સાથે સતત કામ કરવામાં આવી રહ્યું છે. રાજુલા નગરપાલિકા દ્વારા સંભવિત સાયકલોનના પગલે સંભવિત અસરગ્રસ્ત વિસ્તારના લોકોને સુરક્ષિત સ્થળો પર સ્થળાંતરિત કરવામાં આવી રહ્યા છે. બી.ડી. કામદાર વિસ્તાર, જાફરાબાદ મુકામેથી, તત્વજયોતિ વિસ્તાર, મફતપરા વિસ્તાર સહિતના લોકોને જે.એ. સંઘવી હાઈસ્કૂલ-રાજુલા, વડનગર પ્રાથમિક શાળા-૧, કન્યા શાળા નં. ૨-રાજુલા, શ્રમજીવી પ્રાથમિક શાળા-રાજુલા ખાતે સુરક્ષિત રીતે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. રાજુલા નગરપાલિકા દ્વારા કુલ ૨૮૦ જેટલા લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. સંભવિત વાવાઝોડાના પગલે અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સતત સક્રિય છે અને અગમચેતી અને સાવચેતી સ્વરૂપે રક્ષણાત્મક પગલા લેવામાં આવી રહ્યા છે. સંભવિત સાયકલોનના પગલે સમગ્ર જિલ્લાના લોકોને સાવચેત રહેવા ઉપરાંત માછીમારોને દરિયો ન ખેડવા સૂચના સહ સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### ખાંભા નજીક આવેલ

## રૂગનાથપુર ગામે રાત્રીનાં સમયે પરિણીતાને ઝેરી જીવડુ કરડી જતાં મોત

**પ્રથમ સાવરકુંડલા વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાયેલ**

અમરેલી, તા. ૧૪

ખાંભા તાલુકાનાં રૂગનાથપુર ગામે રહેતા કાજલબેન સુનિલભાઈ કુડેચા નામની ૧૯ વર્ષિય પરિણીતા ગત તા. ૧૩નાં રોજ પોતાના ઘરે પોતાના રૂમમાં સુતા હતા ત્યારે તેણીને કોઈ ઝેરી જીવડુ કરડી જતાં પ્રથમ સાવરકુંડલા અને વધુ સારવાર માટે અત્રેનાં દવાખાને ખસેડાયેલ જયાં તેણીનું મોત નિપજયું હતું.













### ગાધકડા ગામમાં ભોજનશાળાનાં શેડ ધરાશાયી

# સાવરકુંડલામાં બિપરજોય વાવાઝોડાને લઈને ભારે પવન ફૂંકાયો : છાપરા ઉડયા

## આજના દિવસે પણ પવન રહેવાની સંભાવના

સાવરકુંડલા, તા. ૧૪

બીપરજોય વાવાઝોડાની શકયતાને પગલે સાવરકુંડલા શહેર તાલુકામાં પવનની ગતિમાં વધારો જોવા મળી રહ્યો છે. સાવરકુંડલાના ગાધકડા ગામે પવનના સૂસવાટા અને મીની વાવાઝોડું ફૂંકાયું હોય તેવો માહોલ સર્જાતાં ગાધકડા આશાપૂરા માતાજીના મંદિરની ભોજનશાળાનો પતરાનો શેડ અડધો ઉડી ગયો હતો ને અડધો ધડાકાભેર છત પર ધરાશાહી થઈ ગયો હતો. હજુ તો આજે જ પવનના સૂસવાટા સાથે વારંવાર હળવી વાવાઝોડારૂપી જલકો જોવા મળી રહી છે. ત્યારે ૧૫ જૂન પવનની ગતિ વધવાની શકયતાઓ પણ તંત્ર દ્વારા કરી છે ને બની શકે ત્યાં સુધી ઘરોમાં રહેવા અને વૃક્ષોથી દૂર રહેવાની તંત્રની અપીલ દરેક તાલુકા વાસીઓ અનુસરે તેવી કે.ડી. ન્યુઝ પરિવાર તરફથી અનુરોધ છે.



### જેતપુર ખાતે મળેલ બેઠકમાં પીજીવીસીએલની બેદરકારી સામે રોષ

# વડિયા : પીજીવીસીએલનાં અધિકારીને ધારાસભ્ય જયેશ રાદડીયાએ ખખડાવી નાખ્યા

## સોશ્યલ મીડિયામાં વિડીયો થયો વાયરલ

વડિયા, તા. ૧૪

જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયાએ સંભવિત બીપરજોય વાવાજોડાને લઈ તંત્રની બેઠક બોલાવી હતી. જેતપુર ખાતે બોલાવેલ બેઠકમાં વડિયા પીજીવીસીએલના અધિકારીને ખખડાવી નાખ્યાનો વિડીયો વાયરલ થઈ રહયો છે.

બેઠક દરમ્યાન વડીયા પીજીવીસીએલની કામગીરી સામે અનેક સવાલો હતા, જયેશ રાદડિયાએ જણાવ્યું કે મારે રીઝલ્ટ જોઈએ. જેતપુર તાલુકાના ૧૦ થી ૧૨ ગામડાઓમાં વડીયા પીજીવીસીએલ નીચે આવે છે જેમાં મોટામાં મોટી ફરિયાદો કાયમી માટે હોઈ છે, તેવું જયેશ રાદડિયાએ જણાવ્યું હતું.

વડીયા પીજીવીસીએલની કામગીરીમાં મોટા ઈસ્યુ આવે છે 'ન તમારી પાસે મશીનરી હોઈ છે, સ્ટાફ ઓછો હોઈ છે, જયેશ રાદડિયાએ પીજીવીસીએલની કામગીરીમાં ઘણી મુશ્કેલી પડે છે માટે તમે અત્યારથી જ તંત્ર અને મેઈન પાવર તૈયાર રાખજો, જેટલી કુદરતી આફતો આવી તેમાં વડીયા પીજીવીસીએલનો કાયમી ઈસ્યુ હોઈ છે તેવી મને ફરીયાદો આવે છે. ફોન નથી ઉપાડતા જવાબ નથી મળતો, ઘણી પ્રકારના ઈસ્યુ આવે છે, કુદરતી આપત્તિઓમાં સહકાર આપવો જોઈએ. વડીયા પીજીવીસીએલની કાયમી ફરિયાદ હોઈ છે જાહેર મિટિંગમાં કડક સૂચના આપવામાં આવી હતી. ધારાસભ્ય જયેશ રાદડિયાએ બોલાવેલ તંત્રની બેઠકમાં વડીયા પીજીવીસીએલના અધિકારીને ખખડાવ્યાનો વિડિયો વાઈરલ થયો છે.



### જાગૃત નાગરિકોએ કલેકટરને પત્ર પાઠવી કરી રજૂઆત

# અમરેલીનાં શાંતાબા મેડિકલ કોલેજ ટ્રસ્ટ દ્વારા ડોકટર હાઉસથી કોલેજનાં દરવાજા સુધી દબાણ

## ફૂટપાથ સુધી દરવાજાની દીવાલ બનાવી હોય દૂર કરો

અમરેલી, તા. ૧૪

અમરેલીનાં જીજ્ઞેશભાઈ પરમાર સહિતનાં જાગૃત નાગરિકોએ કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી લાઠી રોડ ઉપર ગજેરા ટ્રસ્ટ દ્વારા મેડિકલ કોલેજની બહાર રોડ ઉપર ફૂટપાથ પર ડોકટર હાઉસથી મેડિકલ કોલેજની હદ સુધી દબાણ કરી લેવામાં આવ્યું છે. તો તે દબાણ નગરપાલીકા દ્વારા કેમ ના હટાવામાં ન આવ્યું અને લાઠી રોડથી ચાલીને અને સ્કૂટર લઈ પસાર થતાં લોકોને આ દબાણનાં હિસાબે અકસ્માતનો સામનો કરવો પડે છે. ગજેરા મેડિકલ કોલેજ દ્વારા જે લાઠી રોડ ફૂટપાથ ઉપર દબાણ કરવામાં આવ્યું છે.

તે દબાણ તાત્કાલિક દૂર કરવામાં આવે અને ત્યાંથી પસાર થતાં લોકો અકસ્માતનો ભોગ ના બને અને સિનિયર સિટિજનને સવારે ચાલવામાં મુશ્કેલી ના પડે અને જે ગેરકાયદેસર દબાણ છે, રોડ ઉપર અને સિમેન્ટનાં થાંભલા ખોદી પણ દબાણ કરવામાં આવ્યું છે તે પણ હટાવવું જરૂરી છે. તેમ અંતમાં જણાવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### લાઠી નજીક આવેલ

# મેમદા ગામની સીમામાં ખેડૂતે ગાળો આપવાની ના પાડતા શેઢા પડોશી શખ્સોએ છરી ઝીંકી

## ત્રણેક જેટલા ઈસમોને માર મારી ઈજા કરી

અમરેલી, તા. ૧૪

લાઠી તાલુકાનાં મેમદા ગામે રહેતા ભરતભાઈ જેઠાભાઈ ખેર તથા શેઢા પડોશી અશોકભાઈ ઉર્ફે કાળુભાઈ મોહનભાઈ ખેરને ખેતીવાડીએ જવાનો એક જ માર્ગ હોય. જેથી શેઢા પડોશી અશોકભાઈ આ બાબતે ખેડૂતને ગાળો આપતાં હોય જેથી ગાળો બોલવાની ના પાડતા આરોપી અશોકભાઈ તથા તેમના ભાઈ મહેશભાઈએ ઉશ્કેરાઈ જઈ ખેડૂતને છરીનો ઘા મારી ઈજા કરી તથા અન્ય બે વિજયભાઈ તથા વિનુભાઈ ઉર્ફે પ્રદિપભાઈને પણ આ બન્ને આરોપીએ માર મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

### શહેરીજનોને વ્યાપક પ્રમાણમાં પરેશાની

# સા.કુંડલાનાં હાર્દસમા ગાંધીચોકથી નાવલી નદી સુધીમાં વરસાદી પાણીનો ભરાવો

## તાલુકા કોંગી પ્રમુખ મનુભાઈ ડાવરા રોષે ભરાયા



સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલામાં નગરપાલિકા દ્વારા વિવિધ વિકાસનાં કામો કરવામાં આવેલ છે ત્યારે હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે. તેમાં સાવરકુંડલાનાં હાર્દ સમા ગણાતો વિસ્તાર જે ગાંધીચોકથી નાવલી સુધીનો રોડ નગરપાલિકા દ્વારા કરવામાં આવેલ છે. પરંતુ આ રોડ માત્ર બનાવવા ખાતર બનાવેલ હોય જેમાં પાણીનું નિયમિતપણે નિકાલ થાય તેવી રીતે આ રોડ બનાવેલ નથી. જેના કારણે આ રોડ પર પાણી ભરાઈ રહ્યા છે. અને લોકો હાલાકી ભોગવી રહ્યા છે. હજુ તો સામાન્ય વરસાદ થવાથી એટલું પાણી ભરાઈ રહ્યું છે. તો સારા વરસાદ થવાથી આજુ બાજુની દુકાનોમાં પાણી ભરાઈ જતા હોય છે અને રાહદારીઓ તેમજ દુકાનદારોને મુશ્કેલીઓ પડે છે. ત્યારે સાવરકુંડલા નગરપાલિકાનાં આવા સરકારની ગાઈડલાઈન્સ મુજબ કામો થતા નથી અને તેમાં જવાબદાર અધિકારીઓ દ્વારા તેમનું સ્થળ પર લેવલીંગ કે પાણીનો નિકાલ કેવી રીતે થશે. તેવી કોઈ જોગવાઈ કરવામાં આવતી નથી. જેથી સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ તંત્રના આવા બેકાર કામોથી રોષે ભરાયા છે.

### સ્થાનિકોએ ચીફ ઓફિસરને રજૂઆત કરી

# અમરેલીનાં શાસ્ત્રીનગરમાં કાદવ કીચડની સમસ્યાથી નારાજગી

## પાણીની પાઈપલાઈનની કામગીરીથી પરેશાની વધી

અમરેલી, તા. ૧૪

અમરેલી શહેર સુધરાઈ હદમાં આવેલ ચિતલ રોડ, એરોડ્રામ પાછળ સર્વે નંબર ૪૯માં શાસ્ત્રીનગર સોસાયટી આવેલ છે. આ સોસાયટીમાં ૩૨ વર્ષથી દલિત સમાજ તેમજ વાલ્મિકી સમાજનાં લોકો વસવાટ કરે છે અને આ સોસાયટીને ૭ વર્ષ કરતા વધુ સમયથી અમરેલી શહેર સુધરાઈમાં પણ સામેલ કરવામાં આવેલ છે. હાલ શાસ્ત્રીનગર સોસાયટીમાં પાણીની પાઈપલાઈન નાખવાનું કામ ચાલું છે જેથી આખી સોસાયટીમાં ખોદકામ કરેલ છે. જેથી કાળી માટી ઉપર આવેલ હોવાથી હાલ વરસાદી સીઝનનાં કારણે સમગ્ર શાસ્ત્રીનગર સોસાયટીમાં કીચડનું સામ્રાજય ઉભું થયેલ છે. જેના લીધે આબાલ–વૃધ્ધ લોકો ચાલી શકતા નથી કે કોઈપણ વાહન વ્યવહાર પણ કરી શકાતો નથી. અમો શાસ્ત્રીનગર વાસીઓની એટલી અરજ કે તાત્કાલીક રીતે સોસયટીમાં ગ્રીડ કે ટાસ (મોરમ) નાખવામાં આવે તો આ ઉપસ્થિત સમસ્યાનું નિરાકરણ આવી શકે તેમ છે. તેવી માંગ ચીફ ઓફિસર સમક્ષ થઈ છે.

### માતા–પિતાએ અલગ–અલગ લગ્ન કરી લેતા

# અમરેલીમાં એકલી ઉભેલી ચિંતિત કિશોરીને પોલીસ ઈન્સપેકટર પારગીની જરૂરી મદદ મળી

## પોલીસ ટીમે માતા–પિતાને બોલાવીને ચિંતાનું સમાધાન કરાવ્યું

અમરેલી, તા. ૧૪

અમરેલી મહિલા પોલીસ સ્ટેશનની બહારની બાજુ રોડ પાસે સવારના સમયે એક કિશોરી ચિંતીત હોઈ જેને પોલીસ ઈન્સ. કે.સી. પારગીએ પોતાની ફરજ પર જતા હોય તે દરમ્યાન તેને જોઈ જતાં કિશોરી પાસે જઈ તેણીને ચિંતામાં રહેવા અંગેનું કારણ પુછતા જણાવેલ કે, તેણીને તેના માતા–પિતાના ઘરે જવું છે પણ પોતે જઈ શકતી નથી. જેથી તે કિશોરીને મહિલા પોલીસ સ્ટેશનમાં અંદર લાવી આશ્વાશન આપી સ્ટાફ સાથે પુછતા જાણવા મળેલ કે, તેણીના માતા– પિતા બંને અલગ–અલગ જગ્યાએ રહેતા હોય તેઓ બંનેએ બીજા લગ્ન કરેલ હોય અને તેણીની માતાએ કિશોરીની જાણ બહાર અન્ય જગ્યાએ સગાઈ કરાવી આપેલ. જે બાબતે કિશોરીને ઘણા સમયથી મનોમન મનદુઃખ ચાલી આવતું હોય તેણીએ માતાને જાણ કર્યા વગર મોરબી ખાતે રહેતા તેના પિતાના ઘરે જતી રહેલ અને આશરે પંદરેક દિવસ સુધી રોકાયેલ. તે દરમ્યાન કિશોરીના પિતાએ પણ કિશોરીને જાણ કર્યા વગર અન્ય છોકરા સાથે સગાઈની વાતચીત ચલાવતા કિશોરીને આ બાબતની જાણ થતા તેના પિતાને કહ્યા વગર ઘરેથી નીકળી અમરેલી મુકામે આવી ગયેલ અને તેણીને પરત તેના માતાના ઘરે જવું હોય પરંતુ ડર લાગતો હોય. પોલીસ ઈન્સ. કે.સી. પારગીએ કિશોરીના માતા–પિતાને પોલીસ સ્ટેશન બોલાવી કિશોરીને જીવનમાં આગળ વધવાની તેમજ તેનું ભવિષ્ય સારૂ બને તે માટે વધુ શિક્ષણ આપવાની સલાહ, સમજુતી આપેલ અને મજકુર કિશોરીને તેની ચિંતાનું સમાધાન કરી આપી તેના માતા–પિતા સાથે મિલાપ કરાવી સરાહનીય કામગીરી કરેલ છે.



### એસબીઆઈમાંથી નાણા ઉપાડીને નીકળેલા

# ચલાલામાં ખેડૂતની પ્લાસ્ટીકની થેલીમાંથી રૂા. ૫૦ હજારની ચોરી

## બેન્ક પાસબુકમાં એન્ટ્રી કરવા જતાં તસ્કર કળા કરી ગયો

અમરેલી, તા. ૧૪

ધારી તાલુકાનાં ચલાલા નજીક આવેલ ઈંગોરાળા ડુંગરી ગામે રહેતા અને ખેતી કામ કરતાં કનુભાઈ નનકાભાઈ ખાચર નામનાં ૫૯ વર્ષિય ખેડૂત ગત તા. ૨૯/૫નાં રોજ બપોરનાં ચલાલા ગામે આવેલ એસબીઆઈમાં જઈ ખેતીના કામ તથા બિયારણ ખરીદવા માટે બેન્કમાંથી રૂા. ૧ લાખ રોકડા ઉપાડતા અને રૂા. ૫૦૦નાં બે બંડલ એક થેલીમાં મુકી અને બેન્ક પાસબુકમાં એન્ટ્રી કરવા જતા કોઈ અજાણ્યા ચોર ઈસમે ખેડૂતની પ્લાસ્ટીકની થેલીમાંથી રૂા. ૫૦૦ની નોટનું ૧ બંડલ રૂા. ૫૦ હજાર ચોરી કરી લઈ ગયાની ફરિયાદ ચલાલા પોલીસમાં નોંધાઈ છે.

### સ્થાનિક પોલીસે સીસીટીવી કેમેરાની મદદ લઈ કામ પાર પાડયું


# બાબરા : ગળકોટડી-શેખપીપરીયા માર્ગ પર અકસ્માત કરી નાસી ગયેલ વાહનચાલક ઝડપાયા

## આરોપી ભરતભાઈ બાહોપીયા રે. લાઠીની અટકાયત

અમરેલી, તા.૧૪

બાબરા તાલુકાના ગળકોટડી ગામે શેખપીપરીયા ગામ તરફ જવાના રસ્તા પાસે અકસ્માત કરી નાસી ગયેલ વાહનના મળેલ વર્ણન આધારે સી.સી.ટી.વી. કેમેરા ચેક કરી ગણતરીના કલાકમાં વાહન સાથે આરોપીને બાબરા પોલીસ ટીમે ઝડપી લીધેલ છે.

ગત તા. ૧૨ના રોજ બાબરા તાલુકાના ગળકોટડી ગામે રહેતાં પ્રતિકભાઈ મકનભાઈ નવાપરીયા તથા ગુણવંતભાઈ નાથાભાઈ ભલાણી રહે. કાનપર (તા.જસદણ) વાળા મોટર સાયકલ નં. જીજે ૦૩ એ.કે. ૪૯૯૩ લઈને ગળ કોટડી ગામથી કાનપર ખાતે જતા હોય અને ગળકોટડી ગામ પાસે એસ્સાર પેટ્રોલ પંપ સામે શેખપીપરીયા ગામ તરફ જવાના રસ્તા ઉપર પહોંચતા અજાણ્યા છોટા હાથી(કેરી) ચાલકે પોતાના હવાલાની છોટા હાથી(કેરી) પુરઝડપે બેફીકરાઈથી માનવજીંદગી જોખમાઈ તે રીતે ચલાવી બાઈક સાથે ભટકાવી દેતા આ કામે પ્રતિકભાઈને ડાબી આંખ ઉપર નેણના ભાગે ઈજા તથા ફેક્ચર આવેલ હોય તેમજ ડાબા પગે પીંડીના ભાગે ઈજા થયેલ હોય તેમજ ગુણવંતભાઈને માથાના ભાગે ગંભીર ઈજા કરી મોત નીપજાવી પોતાના હવાલાની છોટા હાથી(કેરી) ગાડી લઈ નાસી ગયો હોય જેથી પોલીસ દ્વારા જુદી જુદી જગ્યાએ સી.સી.ટી.વી ફુટેઝના આધારે લાઠી વિસ્તારના આવા વર્ણનવાળા વાહન માલીકોની પુછપરછ કરી ગુન્હામા સંડોવાયેલ વાહન તથા આરોપી ભરતભાઈ ભીમજીભાઈ બાહોપીયા રહે.લાઠીને પકડી પાડી અનડીટેકટ ગુન્હો ડીટેકટ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.



# લાઠીનાં કેરાળા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો



લાઠી તાલુકાનાં કેરાળા ગામે કેરાળા પ્રાથમિક શાળાનાં પટાંગણમાં આંગણવાડીના પ્રવેશપાત્ર બાળકો, બાલવાટિકા અને ધોરણ–૧ માં પ્રવેશ અને બાળકોનો દર વર્ષે જુન માસમાં આવતો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથ–૨૦૨૩નું સુંદર, ભવ્ય, દિવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં મુખ્ય મહાનુભાવ પદાધિકારી ચેરમેન કંચનબેન જીતુભાઈ ડેર, અમરેલી જિલ્લા પંચાયત, આરોગ્ય તથા જીતુભાઈ ડેર તથા માર્કેટીંગયાર્ડનાં ચેરમેન દકુભાઈ પડસાળા તથા તેમનાં ધર્મપત્ની નયનાબેન દકુભાઈ પડસાળા, સરપંચ, કેરાળા ગ્રામપંચાયત પંચાયતનાં સભ્યો, એસ.એમ.સી. કમિટીનાં સભ્યો, એસ.એમ.સી. અધ્યક્ષ, ધો. ૧ ની કીટનાં કાયમી દાતા દિપકભાઈ ધાધલ, શાળાને ફિલ્મ પ્રોજેકટનાં કાર્યક્રમનું સંચાલન કરનાર અને બાળકોને શીખવવામાં રસ લેતા શિક્ષક હેમંતભાઈ તેરૈયા(જેઓની પુત્રી ઝીલ તેરૈયા આ વર્ષે એસ.એસ.સી.માં રાજયમાં પ્રથમ ક્રમાંક મેળવનાર) સૌ ગ્રામજનો, વાલીગણ, બાળકો સૌએ ખુબ જ સરસ રીતે કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો.

## જનતા માટે સરળ નિયમો હોય કે કડક નિયમો માટે જનતા બંધાયેલી છે તે સમજાતું નથી

# અમરેલીમાં ''આધારકાર્ડ'' ની ખાનગી ઓપરેટરની કામગીરીથી જનતા ત્રાહીમામ

**નવુ આધારકાર્ડ કાઢવાથી લઈને તેમાં સામાન્ય પ્રકારનાં સુધારા માટે ખાનગી ઓપરેટરો બિનજરૂરી દસ્તાવેજ માંગી રહ્યાની ફરિયાદ**

**અરજદારનું કામ સરળતાથી પૂર્ણ કરવાને બદલે ઓપરેટર અને સંચાલક ધક્કા ખવરાવવાનો પાશવી શોખ ધરાવે છે**

**પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓએ ખાનગી કેન્દ્રની આકસ્મિક મુલાકાત લઈને જનતાની પરેશાની જાણવી જોઈએ**

**ઉચ્ચ અધિકારીઓએ શહેરની દોઢ લાખની જનસંખ્યાની પરેશાની દૂર કરવી જોઈએ તેવી માંગ**

અમરેલી, તા. ૧૪

અમરેલીમાં આધારકાર્ડની કામગીરીમાં અરજદારોને ઝડપી સુવિધા મળી રહે તેવી વ્યવસ્થાનો સ્પષ્ટ અભાવ જોવા મળી રહ્યો છે. જેમાં ખાનગી ઓપરેટરને સોંપેલ કામગીરીથી જનતા ત્રાહીમામ પોકારી ચુકી છે.

કોઈપણ વ્યકિતને નવું આધારકાર્ડ કઢાવવું હોય કે તેમાં સામાન્ય કોઈ ફેરફાર કરવો હોય તો એક તો રૂપિયા ૫૦ની ફી આપવી પડે અને બીજી તરફ ખાનગી ઓપરેટર બિનજરૂરી દસ્તાવેજ માંગીને અરજદારોને ધકકા ખવરાવી રહ્યાની ફરિયાદ ઉભી થઈ છે.

અમેરિકાનાં વીઝા કઢાવવા હોય એટલી હદે અવનવા દસ્તાવેજો માંગવામાં આવે આધારકાર્ડ સરકાર જનતાની સુવિધા વધારવા માટે આપે છે કે પછી જનતાની દુવિધા વધારવા તે સમજાતું નથી.

દેશમાં ફાઈવ–જી ટેકનોલોજીનો આવિષ્કાર થયો છે તેવા સમયે આધારકાર્ડની કામગીરી માટેનું સર્વર હંમેશા ગોકળગાયની ગતિએ ચાલતું હોય આધારકાર્ડ દિવસો કે મહિનાઓ સુધી અપલોડ થતું નથી.

શહેરમાં ખાનગી ઓપરેટરની મનમાનીથી નિર્દોષ જનતા ધકકા ખાઈને થાકી જતી હોય સાંસદ, ધારાસભ્ય કે ઉચ્ચ અધિકારીઓએ ખાનગી ઓપરેટર ધ્વારા આધારકાર્ડની કામગીરી સરળતાથી થાય તે માટે જરૂરી માર્ગદર્શન આપવું જોઈએ અને અરજદારોને ઝડપથી આધારકાર્ડ મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

## સરપંચ વિપુલ કાચેલાનાં અધ્યક્ષ સ્થાને

# બાબરાનાં ખાખરીયા ખાતે શાળા પ્રવેશોત્સવની અનેરી ઉજવણી

**ગામનાં આગેવાનો પણ ઉપસ્થિત રહ્યાં**



તસ્વીર : પંકજ ઈન્ડોડીયા–બાબરા

બાબરા, તા. ૧૪

ખાખરીયા પ્રાથમિક શાળા મુકામે શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો. જેમાં આંગણવાડી, બાલવાટિકા તેમજ ધોરણ એકમાં પ્રવેશપાત્ર બાળકોનો પ્રવેશ સુનિશ્ચિત કરવામાં આવ્યો હતો. આ તકે ગામના સરપંચ વિપુલભાઈ કાચેલા, શાળા વ્યવસ્થાપન સમિતિનાં અધ્યક્ષ હિંમતભાઈ રાછડીયા, શાળા વ્યવસ્થાપન સમિતિનાં સભ્યઓ, ગ્રામ પંચાયતનાં સદસ્યો, શાળાનાં આચાર્ય શૈલેષભાઈ યાદવ, શિક્ષકો, આંગણવાડી બહેનો, હેલ્થ કર્મચારીઓ, ગ્રામજનો તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવી હતી તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બેટી બચાવો બેટી પઢાવો વિષય પર સુંદર વકતવ્ય આપવામાં આવ્યું હતું.

શાળામાં એક થી ત્રણ નંબરમાં ઉતિર્ણ થયેલ ધોરણ એક થી આઠનાં વિદ્યાર્થીઓને શીલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા. આ ઉપરાંત કોમન એન્ટ્રેસ ટેસ્ટમાં મેરીટમાં આવેલા વિદ્યાર્થીનીઓને પણ શીલ્ડ આપી સન્માનિત કરેલ હતા. શાળા વિકાસમાં ભાગીદાર બનતા ખાખરીયા ગામના દાતાઓનું પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં અંતે આચાર્યએ ઉદ્‌બોધન કરી શાળા પરિવાર વતી સૌનો આભાર વ્યકત કર્યો હતો.

## રાજકોટ જેલમાંથી વચગાળાનાં જામીન પરથી ફરાર થયેલ હોય

# સા.કુંડલાનાં સલમાનભાઈ કુરેશી નામના કેદીને પેરોલ ફર્લો સ્કવોર્ડે ઝડપી લીધા

**અમરેલીની ભાગોળે બાયપાસથી અટકાયત**



અમરેલી, તા. ૧૪

સાવરકુંડલાનાં સલમાન જમાલભાઈ કુરેશીને અમરેલી સેશન્સ કોર્ટ દ્વારા સાત વર્ષની કેદ તથા દંડની સજા થતા મજકુર કેદી રાજકોટ મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવતા હોય અને ગુજરાત હાઈકોર્ટના હુકમ અન્વયે કેદીને વચગાળાનાં જામીન રજા પર દિન–૨૮ માટે મુકત કરવા હુકમ થતાં મજકુર કેદીને તા.૨/૫/૨૩નાં રોજ મુકત કરવામાં આવેલ અને મજકુર કેદી તા.૩૧/૫/૨૩ના રોજ ફરાર થયેલ. જે કામે કેદી આજદિન સુધી ફરાર હતા.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે આગામી દિવસોમાં અષાઢીબીજ (રથયાત્રા)ના તહેવારની ઉજવણી થનાર હોય અને તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ જાહેર સુલેહ શાંતિ ભંગ ન થાય તે સારૂં જીલ્લાઓમાં પેરોલ ફર્લો રજા પરથી ફરાર કેદીઓ તથા નાસતા ફરતા આરોપીને પકડી પાડવા સુચના આપેલ હોય જે અન્વયે પો.સબ.ઈન્સ. પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલીની ટીમને મળેલ ચોકકસ બાતમી દ્વારા રાજકોટ જીલ્લા જેલમાથી વચગાળાના જામીન રજા પરથી ફરાર થયેલ પાકા કામના કેદી સલમાન જમાલભાઈ કુરેશીને અમરેલી ચીતલ રોડ, માંચીયાળા બાયપાસ પાસેથી તા.૧૩/૬/૨૩ ના રોજ ચોક્કસ બાતમી આધારે પકડી પાડી બાકી રહેતી સજા ભોગવવા સારૂ રાજકોટ મધ્યસ્થ જેલને સોપવા તજવીજ કરેલ હતી.

## અમરેલી નજીક આવેલ

# વરસડા ગામે ખોદકામ કરવાની ના પાડતા યુવકને પડોશીએ માર માર્યો

**યુવકને આંખની ઉપરનાં ભાગે ૩ ટાંકા આવ્યા**

અમરેલી, તા. ૧૪

અમરેલી તાલુકાનાં વરસડા ગામે રહેતા ભાવેશભાઈ નાગજીભાઈ સારીખડા નામનાં ૨૫ વર્ષિય યુવકે તે જ ગામે રહેતા દક્ષાબેન બાબુભાઈ સોલંકી ગટરનું ખોદકામ કરતા હોય તથા દબાણ કરતા હોય. જેથી આ યુવકે તેમને દબાણ તથા ખોદકામ કરવાની ના પાડતા દક્ષાબેન તથા જીજ્ઞેશભાઈ બાબુભાઈ સોલંકીએ કુહાડીની મુંધરાટી મારી ઈજા કરી આંખની ઉપરનાં ભાગે ૩ જેટલા ટાંકા આવ્યાની ફરિયાદ નોંધાઈ છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯/૨૩૧૯૫૫
પ્રવેશની ઉત્તમ તક...
ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી, મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org



HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ
3+3 years warranty





ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨



અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત
નૂતન કોમર્સ કોલેજ–અમરેલી
DMLT, B.Com, M.Com માં પ્રવેશ કાર્ય ચાલુ છે
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમો...
DMLT
B.Com
M.Com





પ્રવેશ માટે રૂબરૂ સંપર્ક કરવો
DMLT, B.Com, M.Com
જીલ્લા પંચાયત રોડ, એસ.ટી. ડેપો પાસે, રેમન્ડના શો-રૂમ સામે, અમરેલી.
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૦૧ ■ મો.નં. ૯૪૨૬૨ ૧૪૪૮૯



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
100% કોમર્સ
ધોરણ - ૧૧/૧૨ કોમર્સ (ગુજરાતી મીડીયમ)
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ...
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેકચર...


| ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ | |
|---|---|
| ધો.૧૦ P.R. | ફી માફી |
| 95 થી ઉપર P.R. | 50% |
| 90 થી 95 P.R. સુધી | 40% |
| 85 થી 90 P.R. સુધી | 25% |
| 65 થી 85 P.R. સુધી | 15% |
| 50 થી 65 P.R. સુધી | 10% |



કોમર્સના વિદ્યાર્થીઓ માટે એક નવા જ દ્રષ્ટિકોણ સાથે અભ્યાસ...
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ ૧૧ કોમર્સથી CA FOUNDATION ની તૈયારી કરાવતી સંસ્થા
એડમીશન મેળવવા માટે તુરંત સંપર્ક કરો
નિકુંજ ગઢવાલા ■ મો. ૯૧૦૬૬ ૩૪૪૨૬
ભરત સાવલીયા ■ મો. ૯૯૭૯૪ ૪૯૬૪૯
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી.







''શ્રી વલ્લભ'' Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO


ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999



॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA







જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

### ભારતમાં પાન અને આધાર કાર્ડ મહત્વના ડોક્યુમેન્ટ

# આધાર-પાન કાર્ડ ૩૦ જૂન સુધી લિન્ક કરવા આઈટીનું એલર્ટ

## જેને ૧ જુલાઈ ૨૦૧૭એ પાન કાર્ડ ફાળવવામાં આવ્યું છે તે લોકોએ પાન સાથે આધાર કાર્ડને લિંક કરાવવુ જરૂરી

નવી દિલ્હી, તા.૧૪

ભારતમાં પાન કાર્ડ અને આધાર કાર્ડ મહત્વના ડોક્યુમેન્ટ છે. આનો ઉપયોગ ઓળખ પત્ર ઉપરાંત નાણાકીય મામલા જેમ કે ઈક્મ ટેક્સ અને સરકારની અન્ય યોજનાઓનો ફાયદો લેવા માટે થાય છે. પાન કાર્ડનો ઉપયોગ દરેક નાણાકીય વ્યવહારને પૂરા કરવા માટે કરવામાં આવે છે. ઈનકમ ટેક્સ રિટર્ન દાખલ કરવાથી લઈને બેંક એકાઉન્ટ ઓપન કરાવવા અને પ્રોપર્ટી ખરીદવામાં તમામ કાર્યો માટે પાન કાર્ડની જરૂર પડે છે. જો તમે પાન અને આધાર કાર્ડને લિંક કર્યા નથી તો તેને ૩૦ જૂન સુધી કરી લો નહીંતર તે બાદ તમે મુશ્કેલીમાં પડી શકો છો. આ સંબંધમાં ઈક્મ ટેક્સ વિભાગે ટ્વીટ કરીને લોકોને એલર્ટ કર્યા છે. પાન કાર્ડ ધારક ૩૦ જૂન ૨૦૨૩ સુધી પાન કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક કરાવી દે. ઈનકમ ટેક્સ એક્ટ ૧૯૬૧ હેઠળ દેશના દરેક નાગરિક જેણે ૧ જુલાઈ ૨૦૧૭એ પાન કાર્ડ ફાળવવામાં આવ્યુ છે અને તે લોકોએ પાન કાર્ડ સાથે આધાર કાર્ડને લિંક કરાવવુ જરૂરી છે. પાન અને આધાર લિંકિંગની ડેડલાઈન ૩૦ જૂન ૨૦૨૩એ પૂર્ણ થવાની છે. અગાઉ આ ડેડલાઈન ૩૧ માર્ચ ૨૦૨૩ નક્કી કરવામાં આવી હતી. જોકે બાદમાં નાણા મંત્રાલયે ૨૮ માર્ચે એક પ્રેસ રિલીઝ કરીને જાણકારી આપી હતી કે ટેક્સપેયર્સની સુવિધાને જોતા પાન આધાર લિંકિંગની સમય મર્યાદાને વધારીને ૩૦ જૂન કરી દેવાઈ છે. જો તમે આ તારીખ ચૂકી જાવ તો પછી આ કામ માટે તમારે ૧૦૦૦ રૂપિયા પેનલ્ટી આપવી પડશે. જો ૩૦ જૂન સુધી પાન કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક કરાવાયુ નહીં તો તમારુ પાન ઈનવેલિડ પણ થઈ જશે.

જો ૩૦ જૂન સુધી તમે પાન કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક નહીં કરાવો તો તમારુ પાન કાર્ડ ઈનવેલિડ થઈ જશે અને તમારે ભારે આર્થિક નુકસાન વેઠવુ પડશે. પાન કાર્ડ વિના તમે ઈનકમ ટેક્સ રિટર્ન દાખલ કરી શકશો નહીં. જો તમે શેર માર્કેટ અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો છો તો ત્યાં પણ મુશ્કેલી વેઠવી પડશે. આ સિવાય પાન કાર્ડ ઈનવેલિડ થવાની સ્થિતિમાં વ્યક્તિને ટેક્સ બેનિફિટ અને ક્રેડિટ જેવા લાભ પણ નહીં મળે અને બેંક લોન પણ લઈ શકશો નહીં.

પાનને આધાર સાથે કેવી રીતે લિંક કરશો પાનને આધાર સાથે લિંક કરાવવા માટે પહેલા નક્કી ફી ૩૦ જૂન ૨૦૨૨ સુધી ૫૦૦ રૂપિયા હતી પરંતુ ૧ જુલાઈ ૨૦૨૨થી ૩૦ જૂન ૨૦૨૩ સુધી ચલણ તરીકે ૧૦૦૦ રૂપિયા કરી દેવાઈ છે જે ઈ-ફાઈલિંગ પોર્ટલ પર આધાર-પાન લિંકેજ અરજી જમા કર્યા પહેલા આપવી પડશે.

- પાન કાર્ડ સાથે આધાર લિંક કરાવવા માટે ઈનકમ ટેક્સ વિભાગની ઈ-ફાઈલિંગ વેબસાઈટ **www.incomexeax.gov.in** પર વિઝિટ કરો.
- લોગ ઈન ડિટેલ્સને ભરો. જે બાદ **Quick** સેક્શનમાં જાવ અને ત્યાં પોતાનું પાન, આધાર નંબર અને મોબાઈલ નંબર નોંધો.
- પછી **I validaxee my Aadhaar dexeails** નું ઓપ્શન પસંદ કરો.
- જે બાદ તમારા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર ઓટીપીઆવશે તેને નોંધો.
- છેલ્લે ૧,૦૦૦ રૂપિયાની પેનલ્ટી આપીને તમે પાન અને આધારને લિંક કરો.પાન કાર્ડને આધાર સાથે લિંક કરવાની પ્રોસેસ વિશે લોકો દ્વારા ઘણી વખત પૂછાતા પ્રશ્નોના સમાધાન માટે ઈનકમ ટેક્સ વિભાગે આ લિંક આપી છે.**hxexeps://incomexeax.gov.in/iec/foporxeal/help/e-filing-link-aadhaar-faq**જેની વિઝિટ કરીને તમે અન્ય જરૂરી જાણકારી મેળવી શકો છો.

### ગુજરાત સાથે વિચિત્ર સંયોગ

# જૂન મહિનામાં આવેલું તોફાન મચાવે છે તબાહી

## ચક્રવાતી તોફાનને લઈને કહેવાય છે કે, તેને તૈયાર થવામાં ક્યાંકને ક્યાંક જળવાયું પરિવર્તનનો હાથ હોય છે

અમદાવાદ, તા.૧૪

ચક્રવાતી તોફાન બિપરજોય ગુરુવારે ગુજરાતના તટીય વિસ્તારો સાથે ટકરાશે. છેલ્લા ૬૦ વર્ષમાં પશ્ચિમી તટથી ટકરાતું બીપરજોય ચક્રવાત આ ત્રીજુ છે. એક્સપર્ટ કહે છે કે, **Cyclone Biparjoy**ની ફ્રીક્વેન્સ અને તેની તીવ્રતામાં વધારો જળવાયું પરિવર્તનને નકારાત્મક પ્રભાવોના સંકેત આપે છે. હકીકતમાં જોઈએ તો, ચક્રવાતી તોફાનને લઈને કહેવાય છે કે, તેને તૈયાર થવામાં ક્યાંકને ક્યાંક જળવાયું પરિવર્તનનો હાથ હોય છે. બિપરજોયને જોતા ગુજરાતના તટીય વિસ્તારમાં લોકોને સુરક્ષિત સ્થાને ખસેડી દેવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૩૦ હજાર લોકોને નીચાણવાળા વિસ્તારમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. આ તમામ લોકોને શેલ્ટર હોમ્સમાં રાખવામાં આવ્યા છે. જ્યાં ખાવા-પીવાની પુરી વ્યવસ્થા કરવામાં આવી છે. એનડીઆરએફની ટીમોને પણ તૈનાત કરી દેવામાં આવી છે. આ ઉપરાંત લોકોની મદદ માટે ભારતીય સેના પણ તૈયાર છે. સરકારે તટીય વિસ્તારમાં રહેતા લોકોને કહ્યું કે, તે પોતાના ઘર છોડીને શેલ્ટર હોમમાં જતાં રહે. મૌસમ વિજ્ઞાન અને જળવાયુ પરિવર્તન પર પૂર્વાનુમાન એજન્સી સ્કાઈમેન્ટ વેદરના ઉપાધ્યક્ષ મહેશ પલાવતે જણાવ્યું કે, બગડતી જળવાયુ પરિસ્થિતીઓ મૌસમમાં રહેલી ગરબડના સંભવિત કારણોમાંથી એક છે. તેમણે ટ્વિટર સ્પેસમાં કહ્યું કે, જૂનના મહિનામાં ચોમાસું આવવાનું હોય છે. ત્યારે આવા સમયે ચક્રવાત આવવાની સંભાવના જૂન મહિનાના પહેલા હાફમાં હોય છે. પલાવતે આગળ કહ્યું કે, ત્યાર બાદ ચોમાસાના કારણે સપ્ટેમ્બર સુધી ચક્રવાત આવવાની સંભાવના રહેતી નથી. તેઓ આગળ કહે છે કે, મોટા ભાગના ચક્રવાતી તોફાન બંગાળની ખાડીમાં તૈયાર થાય છે. પણ છેલ્લા ચાર પાંચ વર્ષમાં અરબ સાગરમાં પણ સતત ચક્રવાતી તોફાન બની રહ્યા છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૯૬૫માં જૂન પશ્ચિમી રાજ્યને પ્રભાવિત કરનારા ચક્રવાત બિપરજોય ત્રીજુ ચક્રવાત હશે. વિભાગે જણાવ્યું કે, જૂન મહિનામાં ૧૯૬૫થી લઈને ૨૦૨૨ સુધીના આંકડાના આધાર પર અરબ સાગર પર અત્યાર સુધીમાં ૧૩ ચક્રવાતી તોફાન તૈયાર થયા છે. આ તોફાનમાંથી બે ગુજરાત તટ, એક મહારાષ્ટ્ર તટ, એક પાકિસ્તાન તટ, ત્રણ યમનના તટ સાથે ટકરાયા, જ્યારે છ સમુદ્રની ઉપરથી જ કમજોર થઈ ગયા હતા. મીડિયા રિપોર્ટ્સમાં જણાવ્યા અનુસાર, ગુજરાતમાં ૧૯૬૧, ૧૯૬૪, ૧૯૯૬ અને ૧૯૯૮માં તોફાન આવ્યા છે. આ તમામ તોફાન જૂન મહિનામાં જ આવ્યા છે, આ તોફાનમાં ભયંકર તબાહી મચી છે. ત્યારે આવા સમયે આશંકા છે કે, આ વખતે પણ તોફાન ભયંકર તબાહી મચાવી શકે છે.

### વોટ્સએપ તેના ફિચર્સમાં અપડેટ કરશે

# વોટ્સએપ યુઝર્સ માટે વીડિયો મેસેજ ફીચર રોલઆઉટ શરૂ

## નવા ફીચર્સ અંતર્ગત વોટ્સએપ યુઝર્સ તેમના વોટ્સએપ કોન્ટેક્ટને ૬૦ સેકન્ડ સુધીના વીડિયો મોકલી શકશે

નવી દિલ્હી, તા.૧૪

લોકપ્રિય મેસેન્જિંગ એપ વોટ્સએપનો ઉપયોગ વિશ્વભરમાં થાય છે. એક મોટા યુઝર બેઝ સાથેના આ પ્લેટફોર્મ પર યુઝર્સને નવા ફીચર્સ અંગે અપડેટ્સ મળતા રહે છે. વોટ્સએપના એન્ડ્રોઈડ અને આઈઓએસયુઝર્સ માટે નવું અપડેટ આવી રહ્યું છે. વોટ્સએપ અપડેટ વિશે માહિતી આપતી વેબસાઈટના એક અહેવાલમાં વોટ્સએપના નવા ફીચર વિશે માહિતી આપવામાં આવી છે. આ અહેવાલ મુજબ કંપનીએ વોટ્સએપ યુઝર્સ માટે વીડિયો મેસેજ ફીચર રોલઆઉટ કરવાનું શરૂ કરી દીધું છે.

છેલ્લા કેટલાક દિવસોથી વોટ્સએપના આ ફીચરની ચર્ચા થઈ રહી હતી. વોટ્સએપના વીડિયો મેસેજ ફીચરની મદદથી યુઝર્સ શોર્ટ વીડિયો મોકલી શકશે. વોટ્સએપ યુઝર્સ તેમના વોટ્સએપ કોન્ટેકટને ૬૦ સેકન્ડ સુધીના વીડિયો મોકલી શકે છે.

પ્રારંભિક તબક્કામાં ફક્ત વોટ્સએપના બીટા યુઝર્સ જ આ સુવિધાનો ઉપયોગ કરી શકશે. પ્લેટફોર્મના બીટા યુઝર્સ આઈઓએસ ૨૩.૬.૦.૭૩ અપડેટ અને એન્ડ્રોઈડ ૨.૨૩.૮.૧૯ અપડેટ સાથે ફીચરને એક્સેસ કરી શકે છે. લેટેસ્ટ અપડેટ ઈન્સ્ટોલ કર્યા પછી આ સુવિધાનો ઉપયોગ કરી શકાય છે.

વોટ્સએપના વિન્ડોઝ યુઝર્સ માટે પણ બે નવા ફીચર્સ ઉમેરવાનો અહેવાલ હતો. વેબએટાઈન્ફોના જ અહેવાલમાં વિન્ડોઝ યુઝર્સ માટે બે નવા ફીચર્સ વિશે માહિતી મળી હતી. વિન્ડોઝ યુઝર્સ માટે મેસેજ એડિટ ફીચર અને સ્ક્રીન શેરીંગ ફીચર રોલઆઉટ કરવામાં આવી રહ્યું છે. આ બે ફીચર્સ વોટ્સએપના આઈઓએસઅને એન્ડ્રોઈડ પ્લેટફોર્મ માટે પહેલાથી જ રોલઆઉટ કરવામાં આવ્યા છે. જો કે આ સુવિધા હાલમાં વિન્ડોઝ યુઝર્સ માટે રોલઆઉટ કરવામાં આવી રહી છે.

### ઉછળતા મોજા જોઇને ધબકારો ચૂકી જશો

# પોરબંદરનો દરિયો વાવાઝોડા પહેલા હિલોળે ચઢ્યો

## હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી છેલ્લી આગાહી પ્રમાણે, જામનગર, મોરબી અને પોરબંદરમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવી છે

પોરબંદર, તા.૧૪

બિપોરજોય વાવાઝોડાની અસર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં સૌથી વધુ જોવા મળવાની છે. ત્યારે દરિયાકાંઠે આવેલા પોરબંદરનો દરિયો જાણે હિલોળે ચઢ્યો છે. દરિયામાં ભારે કરંટ મોજા મળી રહ્યો છે અને આ સાથે ઊંચા ઊંચા મોજા પણ ઉછળી રહ્યા છે. જે જોઈને કોઈના પણ શ્વાસ અધ્ધર થઈ જાય.

તો બીજી તરફ હવામાન વિભાગ દ્વારા આજે પોરબંદરમાં ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. જેના કારણે તંત્ર પણ સજ્જ બન્યું છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી છેલ્લી આગાહી પ્રમાણે, જામનગર, મોરબી અને પોરબંદરમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવી છે. એટલે આ ત્રણેવ વિસ્તારોમાં ભારે વરસાદ વરસવાની આગાહી છે. પોરબંદરમાં વાવાઝોડાની અસર સમુદ્રમાં જોવા મળી છે.

સમુદ્રમાં ભારે કરંટ જોવા મળે છે અને તેમાં પણ સમુદ્રમાં ભરતી આવતા સમુદ્ર રોદ્ર સ્વરૂપ ધારણ કરે છે. કરંટ સાથે મોજાઓ ઉછળે છે ત્યારે દરિયા કિનારે ભાટ સાથે પાળ હતી, પરંતુ ભારે ઊંચા મોજા અને ઉપરાઉપરી મોજા આવતા હોવાથી પાળ તૂટી હતી અને મોજાઓ કિનારા સુધી ધસી આવ્યા હતા અને વધુ કરંટ સાથે મોજા રોડ સુધી પહોંચી જતા હતા. વાવાઝોડાની અસર પોરબંદરના દરિયામાં જોવા મળી છે.

આ દરિયામાં ઊંચા ઊંચા મોજાઓ ઉછળી રહ્યા છે. ત્યારે મંગળવારે રાત દરમિયાન દરિયાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું હતું. આ ઉપરાંત મોટા મોટા પથ્થરો મોજાના મારથી ફંટાઈને નવી ચોપાટીના રોડ સુધી પહોંચી ગયા હતા. આ પણ એક કુતૂહલ ઉપજાવે તેવું છે. નોંધનીય છે કે, મંગળવારે રાતે ૧૦ કલાક સુધીમાં ૪૧ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. જેમા સૌથી વધુ દ્વારકાના ખંભાળિયામાં ૩ ઈંચથી વધુ વરસાદ પડી ગયો હતો. ત્યારે આજે પણ દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલે, ૧૫મી જૂન કે જ્યારે વાવાઝોડું ગુજરાતના દરિયા કિનારે પહોંચવાની આગાહી છે ત્યારે કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં તોફાની વરસાદ થવાની શક્યતાઓ છે. જ્યારે મોરબી, રાજકોટ, પોરબંદર અને જૂનાગઢમાં અતિથી અતિભારે વરસાદ વરસી શકે છે.

આ સિવાય બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, અમરેલી, ગીર-સોમનાથ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડમાં ભારે વરસાદ વરસી શકે છે.

### રાજ્યમાં શાળાઓનું નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું છે

# ધો. ૧૦-૧૨માં એક-બે વિષયમાં નાપાસ માટે ૧૦થી ૧૪ જુલાઈએ પુરક પરીક્ષા

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનું પરિણામ આવી ગયું છે અને નવું શૈક્ષણિક સત્ર પણ શરૂ થઈ ગયું છે. ૩૫ દિવસના વેકેશન બાદ સ્કૂલોમાં રાબેતા મુજબ અભ્યાસક્રમ પણ શરૂથઈ ગયો છે. ત્યારે ધોરણ ૧૦ અને ૧૨માં એક કે બે વિષયમાં નાપાસ થયેલા ઉમેદવારો માટે પૂરક પરીક્ષાનું ટાઈમ ટેબલ જાહેર થઈ ગયું છે. ૧૦થી ૧૪ જુલાઈ દરમિયાન આ પરિક્ષા લેવામાં આવશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ધો.૧૦ સંસ્કૃત પ્રથમા અને ધો.૧૨ સામાન્ય પ્રવાહ તથા સાયન્સ, વ્યવસાયલક્ષી પ્રવાહ તથા સંસ્કૃત માધ્યમમાં એક કે બે વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા ૧૦ જુલાઈથી ૧૪ જુલાઈ દરમિયાન લેવામાં આવશે. આ પરીક્ષાનો કાર્યક્રમ શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવ્યો છે.

એક કે બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ જુલાઈમાં પૂરક પરીક્ષા આપી શકશે તેમજ ગેરહાજર વિદ્યાર્થીઓ પણ જુલાઈમાં પૂરક પરીક્ષા આપી શકશે. અગાઉ ૫ જૂન સુધી પૂરક પરીક્ષાના ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હતો જો કે, સમય મર્યાદા વધારી હવે ૯ જૂન સુધી કરવામાં આવી હતી.

### સૌથી વધુ ખંભાળીયામાં ૫ ઇંચ પડ્યો

# છેલ્લા ૨૪ કલાકમાં ૯૫ તાલુકામાં વરસાદ ખાબક્યો

અમદાવાદ, તા.૧૪

ચક્રવાત બિપરજોયને લઈને ગુજરાતમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. એવી આશંકા છે કે અરબી સમુદ્રમાંથી આવતું આ વાવાઝોડું થોડા દિવસોમાં ગુજરાતમાં લેન્ડફોલ કરશે. આ વાવાઝોડું ખૂબ જ ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે, જેની ચેતવણી હવામાન વિભાગ દ્વારા સતત આપવામાં આવી રહી છે.

વાવાઝોડાને પગલે ગુજરાતના અનેક ભાગમાં ભારેથી અતિભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના વરસાદના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૯૫ તાલુકામાં વરસાદ પડ્યો છે. જ્યારે ૨૪ કલાકમાં રાજ્યના ૨૯ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ખંભાળીયા તાલુકામાં ૫ ઈંચ વરસાદ પડ્યો છે, દ્વારકા તાલુકામાં ચાર, તો કલ્યાણપુરમાં ત્રણ ઈંચ વરસાદ પડ્યો છે. ૧૪મી જૂને સૌરાષ્ટ્ર અને કચ્છના કચ્છ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર, રાજકોટ, જૂનાગઢ અને મોરબી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ સાથે મોટાભાગના સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને છૂટાછવાયા સ્થળોએ અત્યંત ભારે વરસાદની સંભાવના છે. થોડા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ સાથે વરસાદની તીવ્રતા વધશે અને કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં છૂટાછવાયા સ્થળોએ અત્યંત ભારે વરસાદ પડવાની સંભાવના છે અને પોરબંદર, રાજકોટ, મોરબી અને કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ પડશે. ૧૫મી જૂનના રોજ ગુજરાતના જૂનાગઢ જિલ્લાઓ અને સૌરાષ્ટ્રના બાકીના જિલ્લાઓ અને ઉત્તર ગુજરાત પ્રદેશમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. ૧૬મી જૂને ઉત્તર ગુજરાત અને તેની નજીકના દક્ષિણ રાજસ્થાનમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ સાથે મોટાભાગના સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ.

### ૮૦ હજાર લોકોને ખસેડવા માટે સેના બોલાવી

# બિપરજોય ચક્રવાતને કારણે પાકિસ્તાનમાં કટોકટી જાહેર

કરાચી, તા.૧૪

ચક્રવાતી તોફાન બિપરજોયને લઈને સતર્ક ભારતે પ્રભાવિત થઈ શકે તેવા વિસ્તારોમાં એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો તૈનાત કરી દીધી છે. આ બાજૂ તોફાને પાકિસ્તાની શહેર કરાચીની નજીક પહોંચતાની સાથે સિંધ પ્રાંતની સરકારે સેના અને નૌસેનાને મદદ માટે બોલાવી છે. તો વળી સમુદ્રી તટની નજીક રહેતા ૮૦ હજારથી વધારે લોકોને સુરક્ષિત જગ્યા પર પહોંચાડવાની પ્રક્રિયા ઝડપી કરી છે. પાકિસ્તાન મૌસમ વિજ્ઞાન વિભાગના નવા પરામર્શ અનુસાર, બિપરજોય અત્યંત ગંભીર ચક્રવાતી તોફાન સાથે નબળું થઈ ગંભીર ચક્રવાતી તોફાનમાં બદલાઈ ગયં છે. અને છેલ્લા ૧૨ કલાકની અંદર તે ઉત્તર-ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે. હાલમાં કરાચીના દક્ષિણથી ૪૭૦ કિમી અને થટ્ટાના દક્ષિણથી ૪૬૦ કિમી દૂર છે. પીએમડીએ કહ્યું કે, હવાની સ્પિડ ૧૪૦-૧૫૦ કિમી પ્રતિ કલાક છે, જે ૧૭૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. પાકિસ્તાનના દક્ષિણ પ્રાંત સિંધની સરકારે મોટા પાયે લોકોને સુરક્ષિત જગ્યા પર પહોંચવાના નિર્દેશ આપ્યા છે. સિંધના મુખ્યમંત્રી સૈયદ મુરાદ અલી શાહે મીડિયાને જણાવ્યું કે, કટોકટી જાહેર કરી છે અને ૮૦,૦૦૦થી વધારે લોકોને ખતરો છે, જેમને સ્થળાંતરણ કરવામાં મદદ માટે સેના અને નૌસેનાને બોલાવી છે. તેમણે પત્રકારોને કહ્યું કે, સોશિયલ મીડિયા, મસ્જિદ અને રેડિયો સ્ટેશનોથી લોકોને સુરક્ષિત સ્થાન પર જવા માટે આદેશ આપ્યા છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, થટ્ટા, કેટી બંદર, સુઝાવલ, બાદિન, થારપારકર અને ઉમેરકોટ જિલ્લામાં પહેલાથી મોટા પાયે લોકોને સુરક્ષિત જગ્યા પર પહોંચાડવાનું અભિયાન ઝડપી બનાવ્યું છે. આ વિસ્તારમાં ચક્રવાત બિપરજોયથી પ્રભાવિત થઈ શકે છે. બિપરજોય બાંગ્લા ભાષાનો શબ્દ છે, જેનો અર્થ થાય છે આપદા. મુરાદે કહ્યું કે, આ સંકટ ખતમ થાય ત્યાં લોકોને સરકારી સ્કૂલ, કાર્યાલય અને અન્ય હંગામી આશ્રમ સ્થાનમાં લઈ જવા માટે સેના અને નૌસેનાની મદદ બોલાવી છે.

### ભૂકંપનું કેન્દ્ર બિંદુ ભચાઉથી ૫ કિમીના અંતરે નોંધાયું

# કચ્છમાં ભૂકંપ, ૩.૫ની તીવ્રતાનો આંચકો અનુભવાયો

## કુદરત જાણે કચ્છ પર રૂઠી હોય તેમ કુદરતી આપદા એકબાદ એક આવી રહી છે

કચ્છ, તા.૧૪

કચ્છમાં એક તરફ બિપોરજોય વાવાઝોડાનું સંકટ છે તો બીજી તરફ ભૂકંપનો આંચકો અનુભવાયો છે. કુદરત જાણે કચ્છ પર રૂઠી હોય તેમ કુદરતી આપદા એકબાદ એક આવી રહી છે.

કચ્છમાં ફરી ભૂકંપનો આંચકો અનુભવાયો છે.કચ્છમાં ૩.૫ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં દોડધામ મચી હતી. ભૂકંપનું કેન્દ્ર બિંદુ ભચાઉથી ૫ કિમીના અંતરે નોંધાયું છે.

અત્રે તમને જણાવી દઈએ કે, કચ્છના જુદા જુદા વિસ્તારમાં છેલ્લા કેટલાક મહિનાથી ભૂકંપના આચંકા અનુભવાઈ રહ્યાં છે. તેમજ બિપરજોય વાવાઝાડુંનું સંકટ પણ કચ્છ પર ભારે જોવા મળી રહ્યો છે.

કચ્છમાં બિપોરજોય વાવાઝોડાની વધુ અસર વર્તાઈ છે. ત્યારે માંડવીનાં દરિયામાં કરંટ વધ્યો હતો. દરિયાનું પાણી બીચ પરના સ્ટોર સુધી પહોંચ્યું હતું. માંડવીનાં દરિયામાં કરંટ વધતા દરિયાના કિનારાથી ૧૦૦ મીટર દૂર આવેલી પાણી દુકાનમાં પહોંચ્યું. દરિયા કિનારે પવનની ગતિમાં પણ વધારો થયો છે. અત્યારે માંડવીમાં ૮૦ થી ૯૦ કિમી ની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે.

### શિવસેના શિંદે જૂથની જાહેરખબરથી રાજકારણ ગરમાયું

# જાહેરખબરમાં બાળા સાહેબ, મોદી, શાહનો પણ ફોટો લગાવ્યો

## નવી જાહેર ખબરમાં શિંદે સાથે ફડણવીસનો ફોટો છપાયો

મુંબઈ, તા.૧૪

શિવસેના (શિંદે જૂથ) દ્વારા સોમવારે તમામ સમામચાર પત્રોમાં આપવામાં આવેલ જાહેરખબરને કારણે રાજકારણ ગરમાયું હતું. ત્યારે હવે આજે શિવસેનાએ ફરી એકવાર પહેલા પાના પર જાહેર ખબર આપી છે. આ જાહેરખબરમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનો ફોટો છાપવામાં આવ્યો છે.

ઉપરાંત ઉપરની તરફ બાળા સાહેબ ઠાકરે, આનંદ દિઘે, નરેન્દ્ર મોદી અને અમિત શાહનો ફોટો પણ લગાવવામા આવ્યો છે. ગઈકાલની જાહેર ખબરને કારણે રાજ્યના રાજકારણમાં મોટો વિવાદ [redacted] (શિંદે જૂથ) દ્વારા પોતાની ભૂલ સુધારીને નવી જાહેરખબર આપાવામાં આવી છે. જેમાં દેવેન્દ્ર ફડણવીસનો મોટો ફોટો અને સાથે સાથે ભારતીય જનતા પાર્ટીનું કમળનું ચિન્હ તથા તેની સાથે શિવસેનાનું ધનુષ્ય – બાણ પણ છાપવામાં આવ્યું છે. ગઈકાલે પ્રકાશિત થયેલ જાહેર ખબર અંગે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પોતે આ જાહેરાત આપી જ નથી તેવું નિવેદન કર્યું હતું. કોલ્હાપૂરમાં યોજાયેલ કાર્યક્રમમાં એકનાથ શિંદેએ ફડણવીસની પ્રશંસા કરી. જોકે શિવસેના (શિંદે જૂથ) દ્વારા કરવામાં આવેલ ભૂલમાં તેઓ ભાજપના દબાણને કારણે સુધારો કરે છે એમ ચર્ચાઇ રહ્યું છે.

### ઉ. ભારતમાં વધતી ગરમીમાં લોકોને જીવવું મુશ્કેલ થયું

# ૬ જુલાઈ સુધીમાં ચોમાસું નબળું થશે, વાવણીમાં વિલંબ

નવી દિલ્હી, તા.૧૪

ઉત્તર ભારતમાં વધતી ગરમીમાં લોકોને જીવવું મુશ્કેલ થઈ ગયુ છે. એપ્રિલમાં થયેલા કમોસમી વરસાદથી થોડી રાહત થઈ પરંતુ જૂનમાં ફરી પારો જબરજસ્ત ઉંચો પહોચી ગયો હતો. છેલ્લા કેટલાક વર્ષોનીએ અપેક્ષાએ આ વર્ષે ચોમાસું તેના સમય કરતા ઘણું મોડું છે. ખેડુતોનું માનવું છે કે આ વખતે ચોમાસું લેટ હોવાના કારણે વરસાદ ઓછો આવી શકે છે. જેના કારણે પાકને નુકસાન થઈ શકે છે. અને આ સાથે વર્ષ ૨૦૨૨માં ચોમાસું ઘણુ કમજોર હતું જેના કારણે ખેડુતોને ભારે નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. આ વર્ષે ચોમાસું લેટ થવાના કારણે લોકોની ચિંતા ઘણો વધારો થયો છે. આ દરમિયાન સ્કાયમેટના પુર્વાનુમાને ભયનું વાતાવરણ ઉભુ કર્યુ છે. સ્કાયમેટે કહ્યું છે કે ૬ જુલાઈ સુધીમાં ચોમાસું નબળું થઈ શકે છે. જેના કારણે પાકની વાવણીમાં પણ લેટ થશે. તમને જણાવી દઈએ કે સ્કાયમેટ એક પ્રાઈવેટ ફોરકાસ્ટિંગ એજન્સી છે. અને આ એજન્સીના જણાવ્યા પ્રમાણે આગામી ૪ અઠવાડિયા સુધી ચોમાસુ નબળુ રહે તેવુ અનુમાન લગાવી રહ્યા છે. એક વાતની તમને જાણ કરી દઈએ કે દઈએ કે કેરળના દરિયાકાંઠે ઘણા લાંબા વિલંબ પછી ૮ જૂનના રોજ ચોમાસું પહોંચ્યું હતું. હવામાનશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે ઉત્તર ભારતમાં પણ ચોમાસું ઘણું મોડા પહોચે તેવી સંભાવના છે. ઉત્તર ભારતમાં ચોમાસું બેસવાની સંભાવના ૮ મી જુલાઈ બતાવવામાં આવી છે. જેના કારણે પાકની વાવણીમાં પણ વિલંબ થઈ શકે છે. વર્ષ ૨૦૨૨માં દુષ્કાળના કારણે યુપીના ૬૨ જિલ્લાઓને દુષ્કાળ કેટેગરીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગયા વર્ષે ડાંગરના પાકને ઘણું નુકસાન થયું હતું. અને નબળા ચોમાસાની અસર બિહાર અને ઝારખંડમાં પણ જોવા મળી હતી. તમને જણાવી દઈએ કે દક્ષિણ ભારતમાં ચોમાસુ બેસી ગયું છે. જો કે આ વખતે નબળા ચોમાસાના કારણે આવી અનેક સમસ્યાઓ જોવા મળી શકે છે. જેને લઈને સ્કાઈમેટે પહેલા જ આગાહી કરી દીધી છે.

### સંભવિત વાવાઝોડાની અસરને પરિણામે નિર્ણય લેવાયો

# ૧૮ જૂને યોજાનાર TAT(S) મુખ્ય પરીક્ષા મોકુફ રખાઇ

## સંભવિત વાવાઝોડાની અસરને પરિણામે વાંચન સહિતની તૈયારીઓ ન કરી શકનાર ઉમેદવારોને તૈયારી માટે પૂરતો સમય પણ મળી રહેશે

ગાંધીનગર, તા.૧૪

શિક્ષક અભિયોગ્યતા કસોટી (માધ્યમિક) TAT(S) ની મુખ્ય પરીક્ષા આગામી તા.૧૮/૦૬/૨૦૨૩ ના રોજ યોજાનાર હતી.

બિપોરજોય વાવાઝોડાની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખી આ મુખ્ય પરીક્ષા મોકૂફ રાખી હવે TAT(S)ની મુખ્ય પરીક્ષા તા.૨૫/૦૬/૨૦૨૩ના રોજ યોજવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું શિક્ષણ મંત્રી કુબેર ભાઈ ડિંડોરે જણાવ્યું છે. શિક્ષક અભિયોગ્યતા કસોટી (માધ્યમિક) TAT(S) ની મુખ્ય પરીક્ષા તા.૧૮/૦૬/૨૦૨૩ ના રોજ યોજાનાર હતી.

બિપોરજોય વાવાઝોડાની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખી, હવ TAT(S) મુખ્ય પરીક્ષા તા.૨૫/૦૬/૨૦૨૩ ના રોજ યોજવાનો નિર્ણય જાહેર હિતને ધ્યાનમાં રાખી લેવામાં આવે છે.

આ નિર્ણયથી કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના જિલ્લાઓના પરીક્ષાર્થી ઉમેદવારોને વિશેષ રાહત મળશે. સંભવિત વાવાઝોડાની અસરને પરિણામે વાંચન સહિતની તૈયારીઓ ન કરી શકનાર ઉમેદવારોને તૈયારી માટે પૂરતો સમય પણ મળી રહેશે.

# નવી દિલ્હી ખાતે એનસીયુઆઈમાં ગૃહમંત્રી અમિતશાહનું સ્વાગત કરતાં દિલીપ સંઘાણી








સહકારી ચળવળને મજબુત કરવા અને તે અંગેની ચર્ચા વિચારણા કરવા એક રાષ્ટ્રીય સહકાર સંમેલનનું આયોજન થવા જઈ રહેલ છે. તે અંગેની સમીક્ષા અર્થે દેશનાં પ્રથમ કેન્દ્રિય સહકારમંત્રી અમિત શાહ આજે દિલ્હી ખાતે એન.સી.યુ.આઈની હેડ ઓફિસની મુલાકાતે આવતા એન.સી.યુ.આઈ.નાં ચેરમેન દિલીપ સંઘાણી દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ૧–૨ જુલાઈ ૨૦૨૩નાં રોજ પ્રગતિ મેદાન ખાતે આંતરરાષ્ટ્રીય સહકારદિન નિમિત્તે યોજાનાર સંમેલનનું ઉદ્‌ઘાટન દેશનાં જનપ્રિય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવશે. ૧૭–મી ભારતીય સહકારી કોંગ્રેસ અધિવેશનને લગતી તૈયારીઓ અંગે ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી. સંઘાણીએ આ અંગેની માહિતી આપી હતી કે એન.સી.યુ.આઈ.ની ગર્વનીંગ કાઉન્સિલની બેઠક આજે યોજાઈ. જેમાં અધિવેશન અંગેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવેલ. કોરોના સમયકાળના કારણે ૪ વર્ષનાં લાંબા અંતરાય બાદ આ અધિવેશન મળી રહેલ છે. જેમાં દેશભરનાં સહકારી કાર્યકરો આ બે દિવસનાં અધિવેશનમાં ભાગ લેશે. આ બેઠકમાં ડો. ચંદ્રપાલસિંહ યાદવ, સહકાર વિભાગનાં સેક્રેટરી સહિત રાષ્ટ્રીય સહકારી આગેવાનો અને ગર્વનિંગ કાઉન્સિલનાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તેમ અખબારી યાદીમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## ''બિપરજોય'' વાવાઝોડુ આજે ટકરાશે

હતી.

સંભવિત વાવાઝોડાની અસરને પગલે પશ્ચિમ કચ્છના દયાપર, દોલતપર, પાન્ધો-વર્માનગર, માતાનામઢ, કોટડા જડોદર,નારાયણ સરોવર, નલીયા, કોઠારા, નખત્રાણા સહિત ૯ ગામોની બજારો આવશ્યક વસ્તુઓ સિવાય ૧૪ જૂને સાંજે ૮ વાગ્યાથી ૧૬ જૂને ૬ વાગ્યા સુધી બંધ રાખવા કલેકટરે હુકમ કર્યો છે.

બિપોરજોય વાવાઝોડાને પગલે ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડાએ પદાધિકારીઓ સાથે વાતચીત કરી હતી. તેમની સાથે બેઠક કરીને વાવાઝોડાથી પ્રભાવિત વિસ્તારો વિશે માહિતી મેળવી હતી. આ દરમિયાન તેમણે રાહત અને બચાવ કામગીરી હાથ ધરવા સૂચનો કર્યા હતા.

વાવાઝોડાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ખેડૂલક્ષી નિર્ણય કર્યો હતો. લઘુત્તમ ટેકાના ભાવથી ઉનાળુ બાજરી,જુવાર, રાગી અને મકાઈની ખેડૂતો પાસેથી સીધી ખરીદીની સમયમર્યાદામાં એક મહિનાનો વધારો કરવામાં આવ્યો છે. બિપોરજોય વાવાઝોડાના કારણે રાજ્યના ખરીદ કેન્દ્રો પરથી ટેકાના ભાવે ખરીદી હાલ પુરતી મોકૂફ રાખવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. તેમણે વાવાઝોડાના પરિણામે સંભવિત પરિસ્થિત સામે વહીવટી તંત્ર દ્વારા કરાયેલા આયોજનની વિગતો મેળવી અને જરૂરી સૂચનો આપ્યા હતા.રાહત કમિશનર આલોક પાંડેએ આ સમીક્ષા બેઠકની વિગતો આપતાં ઉમેર્યું હતું કે,રાજ્ય સરકારે સ્થળાંતર પર ખાસ ભાર મૂકીને ૮ જિલ્લાઓમાં અત્યાર સુધીમાં કુલ ૪૭ હજારથી વધુ લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાવ્યું છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા બિપોરજોય વાવાઝોડાને કારણે દરિયાકાંઠે ભારે પવન ફૂંકાય રહ્યો છે ત્યારે દ્વારકના જગત મંદિરની પર ગજની ધજા ખંડિત થઈ ગઈ છે. આજે સતત બીજા દિવસે પણ દ્વારકાના જગત મંદિરે ધ્વજા ચડાવવામાં આવશે નહીં જે ઈતિહાસમાં પહેલીવાર બનશે.

વાવાઝોડા બિપોરજોયને લઈને ઉત્તર ગુજરતમાં આગામી ૧૬મી અને ૧૭મી જૂન બે દિવસ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરાઈ છે. બિપોરજોય વાવાઝોડાની અસર હવે અમદાવાદમાં પણ જોવા મળી રહી છે. અમદાવાદમાં પણ ઠેર ઠેર વરસાદ વરસી રહ્યો છે. અનેક જગ્યાએ ઝાપટાંની સ્થિતિ જોવા મળી હતી. તેની સાથે પવન પણ ફૂંકાઈ રહ્યો છે. એસજી હાઈવે સહિત અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો.

જામનગર તાલુકાના ખારા બેરાજા ગામમાં ગઈકાલે એક વીજ થાંભલો ભારે પવનના કારણે તૂટી પડ્યો હતો, અને દાદા પૌત્રને તૂટી પડેલા વિજથાંભલાના કારણે ઈજા થઈ હોવાથી સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા. જે પૈકી પૌત્રને વધુ ઈજા થવાથી અમદાવાદ ખસેડાયો છે.

હાલારના જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાવાઝોડાને કારણે ૩૭૫ ગામોમાં વિજ વિક્ષેપ થયો છે હાલ ૩૪ ગામોમાં વિજ સમારકામ ચાલૂ છે. વાવાઝોડાના કારણે ૬૩૨ વિજ પોલ તેમજ ૧૯ ટ્રાન્સફોર્મર જમીનદોસ્ત થતા વિજ તંત્રને ૧ કરોડ ૨૩ લાખનું નુકસાન થયુ છે. માંડવી અને કરાચી વચ્ચે જખૌ પોર્ટ નજીક બિપોરજોય વાવાઝોડું ટકરાશે તેવા સ્પષ્ટ સંકેત મળી ગયા છે. આવતીકાલે બિપોરજોય વાવાઝોડું સાંજના ૪થી ૫ વાગ્યાની વચ્ચે ટકરાશે. તેની સાથે ભારેથી અતિ ભારે વરસાદની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર બિપોરજોય વાવાઝોડું સાંજના ૫ વાગ્યાના સુમારે ટકરાશે.

વાવાઝોડા બિપોરજોયને લઈને આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સ્ટેટ ડિઝાસ્ટર કંટ્રોલ રુમમા એક બેઠક મળી હતી જેમા વાવાઝોડાની સ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. વાવાઝોડાએ દિશા ન બદલતા હાલ ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે અને જખૌથી ૨૮૦ કિલોમીટર દૂર છે.

જખૌ બંદરેથી બિપોરજોય વાવાઝોડું માત્ર ૨૮૦ કિલોમીટર દૂર રહી ગયું છે. તેની તીવ્રતા પણ વધી જવાને કારણે ભારતના હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયા કિનારે રેડ એલર્ટ જાહેર કરી દીધું છે. આ પહેલા ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું.


### નામ બદલાવેલ છે

આથી હું જાહેર કરૂ છું કે મારૂ જુનું નામ
કિરણકુમાર લક્ષ્મીદાસ વસાણી
(Kirankumar Laxmidas Vashani)
હતું જે બદલાવીને મેં મારૂ નવું નામ
કિરણભાઇ લક્ષ્મીદાસભાઇ વસાણી
(Kiranbhai Laxmidasbhai Vasani)
કરેલ છે, હવેથી હું મારા નવા નામ
કિરણભાઇ લક્ષ્મીદાસભાઇ વસાણી
(Kiranbhai Laxmidasbhai Vasani)
તરીકે ઓળખાઇશ.

કિરણભાઇ લક્ષ્મીદાસભાઇ વસાણી
સરનામુ : દ્વારકેશ સોસાયટી, બ્લોક નં. ૯૭, ચિતલ રોડ, બાબરા.


પાના ૮ ઉપરનું ચાલું
## વાવાઝોડું કચ્છથી ૨૯૦ કિમી દૂર

વાવાઝોડું લેન્ડફોલ થવાની શક્યતા છે. ત્યારે પવનની ગતિ ૧૦૦ કિમી થી લઈને ૧૪૦ કિમી રહેવાની સંભાવનાં છે. અત્યારે તમામ ડિપાર્ટમેન્ટ પોત પોતાની રીતે ટીમો બનાવીને જ્યાં નુકશાન થવાની શક્યતા છે. હાલ અમુક જીલ્લાઓમાં વરસાદ પડવાની શરૂઆત પણ થઈ ગઈ છે. વાવાઝોડાને પગલે ૫૫ હજાર લોકોને સ્થળાંતર કરાવવામાં આવશે. જે લોકોનું સ્થળાંતર કરાવવામાં આવશે તેમાં વૃદ્ધો, સગર્ભા બહેનોનો સમાવેશ થાય છે. હાલ સુધી ૪૬ હજાર લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું છે. કચ્છમાં ૨૧ હજાર લોકોનુ સ્થળાંતર કરાવવાનું હતું. જેની સામે ૧૮ હજાર લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું
## ઉછીના પૈસા આપવાની ના પાડતા

દોરી ખૂટી જતાં તે લેવા ગયેલ. ત્યારે તેઓને દલખાણીયા બસ સ્ટેન્ડ પાસે તે જ ગામે રહેતા આરોપી કમલેશ નાનજીભાઈ દાફડા મળી જતાં આરોપીએ તેમની પાસે ઉછીનાં પૈસા માગતા સવજીભાઈએ પૈસા આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા આરોપીએ પોતાના હાથમાં રહેલ કુહાડી વડે ખંભાના તથા માથાનાં ભાગે જીવલેણ ઘા કરી ગંભીર રીતે ઘાયલ કરી દેતા તેમને પ્રથમ દલખાણીયા દવાખાને ખસેડવામાં આવેલ જયાંથી વધુ સારવાર માટે ધારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા જયાં તેમને ફરજ પરનાં તબીબે વિનુભાઈને મૃત જાહેર કર્યા હતા. દરમ્યાન મૃતકનાં કૌટુંબિક ભત્રીજા કેવલભાઈ પોતાના કાકાનો મોબાઈલ ફોન ઘટના સ્થળે લેવા ગયેલ ત્યારે આરોપી કમલેશે તેમના ઉપર પણ કુહાડી વડે ઘા મારી ઈજા કર્યાની ફરિયાદ ધારી પોલીસમાં નોંધાઈ છે.

ખોબા જેવડા દલખાણીયા ગામમાં હત્યાનાં બનાવને લઈ ભારે ચકચાર મચી જવા પામી છે.

### જાહેર નોટિસ

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી**

અપીલ રજી.નં. ૪૧/૨૦૨૩

અરજદાર : શ્રી ચંપાબેન તે રમેશભાઈ ભોળાભાઈ રાંકના વિધવા,
રે. રાંઢીયા, તા.જિ. અમરેલી.

:: વિરૂધ્ધ ::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી
– વ –
તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. રાંઢીયા, તા.જિ. અમરેલી.

:: જાહેર નોટિસ ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના રાંઢીયા ગામના રહીશ શ્રી ચંપાબેન તે રમેશભાઈ ભોળાભાઈ રાંકનાં વિધવાએ તેઓના સસરા ભોળાભાઈ મોહનભાઈ રાંકનું મરણ તા.૨૫/૦૫/૧૯૯૩ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૪/૦૫/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સિકકો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી

## પાંચતલાવડા ગામે આવેલ પ્લોટ વિસ્તારમાં જુગાર રમતા ૪ ઝડપાયા

અમરેલી, તા. ૧૪

લીલીયા તાલુકાનાં પાંચતલાવડા ગામે રહેતા નાજાભાઈ સામતભાઈ મેવાડા સહિત ૪ ઈસમો સાંજના સમયે પાંચતલાવડા ગામે પ્લોટ વિસ્તારમાં જાહેરમાં પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા હોય. આ અંગે લીલીયા પોલીસને બાતમી મળતા દરોડો પાડી ચારેય ઈસમોને રોકડ રકમ રૂા. ૧૫૭૨૦ તથા મોબાઈલ ફોન નંગ–૪ કિંમત રૂા. ૨૧૪૦૦ મળી કુલ રૂા. ૩૭૧૨૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## જૂનાગઢના માંગરોળમાં વાવાઝોડાને

છે. કચ્છ, પોરબંદર, સુરત અને નવસારીમાં દરિયામાં કરંટ જોવા મળ્યો છે. ૧૦થી ૨૦ ફૂટ સુધી મોજા ઊંચા ઉછળી રહ્યા છે. ત્યારે માંગરોળમાં વાવાઝોડાને લઈને કમાન્ડો ફોર્સ તૈયાર કરવામાં આવી છે. આફતને પહોંચી વળવા માટે રાજ્ય સરકારની દરિયાઈ સુરક્ષા કમાન્ડો ફોર્સ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. અલગ અલગ ૬ ટીમમાં ૪૧ કમાન્ડો કરાયા તહેનાત કરવામાં આવ્યા છે. વાવાઝોડાની પરિસ્થિતિને પહોંચી વળવા કમાન્ડો ફોર્સ એક્શનમાં છે. લાઈફ જેકેટ, બાઈનોક્યુલર, વાયરલેસ સેટ સહિતના સાધનોથી કમાન્ડો ફોર્સ સજજ છે

પાના ૮ ઉપરનું ચાલું
## બિપરજોય ચોમાસાનાં પ્રવાહથી

ચોમાસાના પ્રવાહથી એકદમ છૂટું પડી ગયું છે એટલે કે હવે વરસાદ સર્જવા માટેની જરૂરી સિસ્ટમ કે પછી તેની કામગીરી પર કોઈ પ્રતિકૂળ અસર નહીં જોવા મળે.

દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા હવામાન વિભાગના વડા મૃત્યુંજન મહાપાત્રાએ કહ્યું હતું કે બિપોરજોય વાવાઝોડાંએ અરબ સાગરમાં ભૂમધ્ય રેખા પર પ્રવાહ વધારીને દ્વીપકલ્પના દક્ષિણ ભાગોમાં ચોમાસાને આગળ વધારવામાં મદદ કરી છે. તેમણે કહ્યું હતું કે હવે તે ચોમાસુ તેના પ્રવાહથી સંપૂર્ણપણે અલગ થઈ ગયું છે. હવે એવી કોઈ મોટી શક્યતા નથી કે આ સાયકલોન ચોમાસાની ગતિ અથવા કામગીરીને મોટા પાયે અસર કરશે.

ચોમાસું તેના સામાન્ય સમયપત્રકના લગભગ એક અઠવાડિયા પછી ૮ જૂને ભારતમાં કેરળ પહોંચ્યું હતું.

રિસર્ચમાં જાણવા મળ્યું છે કે કેરળમાં ચોમાસાની વિલંબથી ઉત્તરપશ્ચિમ ભારતમાં ચોમાસાની શરૂઆતમાં વિલંબ થાય તે જરૂરી નથી. એટલા માટે શક્યતઃ વરસાદ પર ખાસ મોટી અસર પડે તેમ નથી.

વૈજ્ઞાનિકોએ અગાઉ કહ્યું હતું કે સાયકલોને ભેજ અને સંવહન ખેંચ્યંઅ છે અને તેના કારણે તે ચોમાસાની તીવ્રતાને અસર કરી છે, આમ કેરળમાં ચોમાસાના વરસાદમાં વિલંબ થયો છે.

પાના ૮ ઉપરનું ચાલું
## હેમ રેડિયોની ૭ ટીમ તૈનાત

મહત્વ પુર્ણ મેસેજની આપ-લે થઈ શકતી નથી. ત્યારે ખૂબ જ મહત્વપૂર્ણ મેસેજ પહોંચાડવા માટે હેમ રેડિયો ટીમની સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠે હેમ રેડિયોની સાત ટીમને તૈનાત કરી દેવામાં આવી છે.

સોમનાથ, પોરબંદર, દ્વારકા, જામનગર, કચ્છ-માંડવી, કચ્છ-જખો અને રાજકોટમાં હેમ રેડિયોની ટીમને તૈનાત કરી દેવામાં આવી છે. તેનો કંટ્રોલ રૂમ રાજકોટ ખાતે બનાવવામાં આવ્યો છે રાજકોટના કંટ્રોલ રૂમ પરથી સૌરાષ્ટ્ર તેમજ કચ્છના તમામ દરિયાકાંઠાની કેવા પ્રકારની પરિસ્થિતિ છે?? કેવા પ્રકારની જરૂરિયાત છે સહિતની તમામ પ્રક્રિયા પર નજર રાખવામાં આવતી હોય છે. રાજકોટ ખાતે તૈનાત કરવામાં આવેલ કંટ્રોલરૂમ સૌરાષ્ટ્ર તેમજ કચ્છના દરિયાકાંઠાની પરિસ્થિતિ અંગે ગાંધીનગર કંટ્રોલરૂમને રિપોર્ટિંગ કરે છે.

હેમ રેડિયોને આપણી સરળ ભાષામાં એક એવું વાયરલેસ ઉપકરણ છે કે જેના દ્વારા વિશ્વના કોઈ ખૂણે વાત કરવા અને મેસેજ મોકલવા માટે વીજ પુરવઠો, સંચાર સાધનો કે નેટની જરૂર નથી રહેતી. આ માટે માત્ર જરૂરી છે એક ખાસ પ્રકારનો રેડિયો, એન્ટીના અને કારની ૧૨ વોલ્ટની બેટરી. આ હેમ રેડિયો એક એવુ કોમ્યુનિકેશન માધ્યમ છે કે જે વાવાઝોડા અને ભુકંપ જેવા ડિઝાસ્ટરમાં લોકો વચ્ચે કોમ્યુનિકેશનનું સાધન બને છે.

# અમરેલીની પોસ્ટ ઓફિસમાં ૩૮ દીકરીઓનાં ''સુકન્યા સમૃધ્ધિ એકાઉન્ટ'' ખોલાયા



અમરેલીની પોસ્ટ ઓફિસમાં ગુજરાત વિધાનસભાનાં ઉપદંડક કૌશિકભાઈ વેકરીયાનો ૩૮માં જન્મ દિવસ નિમિત્તે ૩૮ દીકરીઓનાં ''સુકન્યા સમૃદ્ધિ એકાઉન્ટ''નાં ખાતા ખોલાવીને તેમના તરફથી પ્રથમ હપ્તો ભરીને બધી દીકરીઓનાં ઉજજવળ ભવિષ્યનો નિરધાર કરેલ. જે પ્રસંગે આઈ.સી.ડી.એસ. વિભાગનાં અધિકારીઓ તથા અમરેલી હેડ પોસ્ટ ઓફિસનાં પી.આર.આઈ.(પી) તથા પોસ્ટમેન કનકસિંહ બારિયા સાથે ખાતા ખોલવામાં ડોકયુમેન્ટ તથા ફોર્મ ભરી અને સુંદર કામગીરીનું પ્રદર્શન કરેલ છે.

# સા.કુંડલાનાં હાથસણી માર્ગ ઉપર ફૂટપાથ બનાવવાની જરૂર



પ્રસ્તુતિ : પ્રિયંક પાંધી, સા.કુંડલા.

સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા શહેરના હાથસણી રોડ પહોળો તો થયો રોડની વચ્ચે ડિવાઈડર પણ થયાં. પરંતુ એ ડિવાઈડર પણ હાલ ક્ષતિગ્રસ્ત છે જેની મરામ્મત પણ જરૂરી છે, વળી આ રસ્તો પણ હવે મરામ્મત માંગે છે.

વળી આ રોડ પર રાત્રે અને સાંજે અનેક નાગરિકો વોર્કિંગ માટે પણ નીકળે છે. એટલે લગભગ દોઢેક વર્ષ પહેલાં સાવરકુંડલાના વોર્ડ નંબર પાંચનાં રહીશો તથા વોર્ડ નંબર પાંચનાં ચારેય નગરપાલિકા સદસ્યો તથા એક ભૂતપૂર્વ નગરપાલિકા સદસ્ય સમેત સો કરતાં વધારે વ્યકિતની સહીથી એક લેખિત અરજી સાવરકુંડલા નગરપાલિકા ચીફ ઓફિસર નકલ રવાના ચેરમેન જિલ્લા બાંધકામ સમિતિ તથા સાંસદને કરવામાં આવેલ. જો કે આજ સુધી તેનો યોગ્ય ઉકેલ આવ્યો નથી. આ ઉપરાંત આ વિસ્તારના રહીશો માટે સિનિયર સિટીઝન પાર્ક અને બાળકો માટે ક્રિડાગણની પણ માંગ કરવામાં આવેલ જે હજુ સુધી સંતોષાય નથી.. શું તંત્ર આ વિસ્તારના રહીશોની માંગો પ્રત્યે યોગ્ય આવશ્યક કાર્યવાહી કરવાની છે કે નહીં ? હા ચૂંટણી આવે એટલે વિસ્તારવાઈઝ સભાઓ, મિટિંગો અને વચનોની લ્હાણી થશે.!! પરંતુ પછી પાછા હતાં ઈ નાં ઈ.. હાલ તો આ રસ્તાને ફૂટપાથ સમજી લોકો પણ ફૂટપાથ તરીકે ઉપયોગ કરે છે. જો કે એમાં પણ આવતાં જતાં વાહનો સાથે અથડાઈ જવાનો ભય તો રહે જ.. પરંતુ લાચાર અને મજબૂરીવશ બીજો વિકલ્પ ન હોય લોકો એ જોખમ પણ ઉઠાવે છે. ખાસ કરીને આજનો નાગરિક એટલે મજબૂત અને તંદુરસ્ત નાગરિક તો જ સંભવ છે જયારે પોતાના બાળપણથી જ ખેલ કૂદ માટે ક્રીડાંગણ મળે. પરંતુ હજુ સુધી નગરપાલિકા દ્વારા આવી વ્યવસ્થા થતી નથી.

આ વિસ્તારની ક્રિડાંગણ અને સિનિયર સિટીઝન પાર્કની માંગ પણ વર્ષોથી કરવામાં આવેલ છે. આ મુદ્દે પણ યોગ્ય વિચાર કરવો જરૂરી છે. જો કે એક વાત ઉડીને આંખે વળ ગે તેવી છે કે એક સેવાકીય સંસ્થા દ્વારા સાવરકુંડલા શહેરમાં જ વૃક્ષો વાવેલાં છે અને તેને નિયમિતપણે પાણી પાઈપને કાયમી માવજત કરે છે. વૃક્ષોની આસપાસ રહેલું પીંજરું પણ તૂટી જાય કે વળી જાય તો વ્યવસ્થિત કરે છે અને જરૂર જણાય તો નવું પીંજરું પણ નાખી દે છે. ત્યારે સવાલ એ થાય કે જો સેવાભાવી સંસ્થાઓ આવા કાર્યોને સો ટકા સફળ બનાવવા માટે પોતાની તમામ તાકાત કામે લગાડી કાર્ય કરે છે તો પછી શું હવે શહેરના રોડ રસ્તા કે અન્ય શહેરી સુવિધાને લગતી જરૂરિયાત પણ શું હવે આનીમાફક સેવા સંસ્થાઓને જ સોંપીશું તો જ જાહેર સેવાના કાર્યો થશે કે શું? આવો માર્મિક વ્યંગ પણ લોકમુખે ચર્ચાઈ રહ્યો છે. તંત્રને માટે આ સમય ઘોર નિંદ્રામાંથી જાગૃત થઈને જાહેર સેવાના કાર્યો કરવા માટે કોઈ થેરાપીની આવશ્યકતા તો નથી'ને?

# સા.કુંડલા : લીખાળા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી



સાવરકુંડલા, તા. ૧૪

લીખાળા પ્રા.શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી. જેમાં દિપ પ્રાગટય વી.બી. પરમાર, લાયઝન મયુરભાઈ દેસાઈ, સરપંચ તથા ઉપસરપંચ દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું. ત્યારબાદ આંગણવાડીનાં બાળકો તેમજ બાલવાટિકા અને ધોરણ ૧માં પ્રવેશપાત્ર બાળકોને વી.બી. પરમાર તથા તમામ આગેવાનો દ્વારા પ્રવેશ આપવામાં આવ્યો તથા શાળાનાં તેજસ્વી તારલાઓ, નોટબુકનાં અને એમ.ડી.એમ. શેડનાં દાતાને આ તકે શાળા પરિવાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાનાં આચાર્ય તેમજ સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી કાર્યક્રમને સંપન્ન કરવામાં આવ્યો હતો. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

## ખેડૂત કહાની

### અજાણ્યા મુસાફરને મંઝિલ સુધી પહોંચાડવાની અનેરી સેવા

# અમદાવાદનાં સાયન્સ સિટી વિસ્તારમાં ૧૧ વર્ષમાં ૧૩ હજાર વ્યકિતઓને સરનામા બતાવ્યા

## ''હું આપની શી મદદ કરી શકું'' માટે રોહિત પટેલ તૈયાર

મતિરાળા, તા. ૧૪

હું આપની શું મદદ કરી શકું ? એડ્રેસ પૂછપરછ(ફકત સાયન્સ સીટી વિસ્તાર) રોહિત પટેલ (સામાજિક કાર્યકર અને ગાઈડ) આ બોર્ડ તમને અમદાવાદમાં ૬ જગ્યાએ આવા બોર્ડ મુકવામાં આવ્યાં છે. આ બોર્ડ વાંચીને રસ્તો ભૂલેલાને રોહિત પટેલની મદદથી યોગ્ય જગ્યાએ પહોંચે છે.





હમીરભાઈ : મો. ૯૮૭૯૩ ૦૮૪૪૪

રોહિલ પટેલ આજે ૬૯ વરસના છે. રસ્તો બનાવવાનું કામ તેઓએ ૧૧ વરસ પહેલા શરૂ કર્યું હતું. આ કામ શરૂ કેમ કર્યું તો તેઓ કહે છે કે આજથી ૨૫ વર્ષ પહેલા મુંબઈમાં મારી પાસેથી એડ્રેસ પૂછવાનાં ૨૦ રૂપિયા એક ભાઈએ લીધા હતા. આ ઘટના બાદ મને વિચાર આવ્યો કે આ કામ કરવા જેવું ખરું. આજે સાયન્સ સીટી સોલા વિસ્તારમાં છેલ્લા અગિયાર વર્ષમાં ૧૩૦૦૦ એડ્રેસ ફોન પર લોકોને બતાવ્યા છે. આ સેવા ૩૬૫ દિવસ ૨૪ કલાકની છે. રોજના સરેરાશ ત્રણ–ચાર ફોન આવે છે. આ વિસ્તારમાં ૩૨૮ બંગ્લોઝ અને ફલેટ, ૪૮, કોમર્શીયલ, ૨૭ બેંકો, રેસ્ટોરન્ટ, પાર્ટીપ્લોટ વગેરે થઈને ૫૦૪ જગ્યાઓ છે. આ બધી રોહિત પટેલને મોઢે યાદ છે. નવો વિસ્તાર છે એટલે લોકોને એડ્રેસ શોધવામાં મુશ્કેલી પડે છે. સોલા બ્રિજથી સાયન્સ સીટી સુધી એડ્રેસ પૂછપરછ માટે ૬ બોર્ડ મુકયાં છે.આ વિસ્તારમાં એક સરખા નામવાળી ૮૩ સોસાયટીઓ ફલેટો છે.

આગળ એક નામ હોય અને પાછળ બંગ્લોઝ, રેસીડેન્સી, પાર્ક હોમ વગેરે નામ હોય તેથી લોકોને એડ્રેસ શોધવામાં મુશ્કેલી પડે. છે. ભારતમાં ફકત આ એક જ વિસ્તાર છે. અહીં આવનારને એડ્રેસ શોધવામાં મુશ્કેલી પડતી નથી. મહિનામાં બે–ત્રણ વખતે આખું સાયન્સ સીટી વિસ્તારમાં ફરવું પડે છે. કેમકે સોસાયટી ભૂલી જવાય અને નવી સોસાયટી બોર્ડ લાગ્યું હોય તો ખબર પડે આ માટે હું ૧૦૦ કિ.મી. મહિને ફરૂં છું.

''ભૂલ્યાને રસ્તો બતાવવાનો મને ખૂશી મળે છે.'' પણ કોઈવાર કોઈ પરિક્ષા કરવા રાત્રે ૨:૦૦ વાગ્યે ફોન કરી જગાડે છે અને સરનામું પૂછીને ખાતરી પણ કરે છે વધુમાં તેઓ કહે છે કે મોટું વાહન લઈને આવનારને હું બે–ત્રણ કિલોમીટર સુધી સાચું સરનામું (સ્થળ) બતાવવા જાઉ છું. ખાસ કરીને સિમેન્ટ ભરેલ ટ્રકવાળા મને કોઈવાર મોડી રાત્રે જગાડતા હોય છે.

– હરેશ બોરસાણિયા, મતિરાળા

# જાફરાબાદમાં કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો



જાફરાબાદ, તા. ૧૪

જાફરાબાદ તાલુકાની શ્રી સાગર પ્રાથમિક શાળા જાફરાબાદમાં સાગર પ્રાથમિક શાળા, નુતન પ્રાથમિક શાળા, બ્રાન્ચ પ્રાથમિક શાળા અને આંગણવાડીના બાળકો માટેનો કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ આજ રોજ તારીખ ૧૨/૦૬/૨૦૨૩ ના રોજ ઉજવવામાં આવ્યો.

આ પાવન પ્રસંગના મુખ્ય અતિથિ જાફરાબાદની આટ્ર્સ અને કોમેર્સ કોલેજના આચાર્ય ડો. વી. એમ. શિલુ તેમજ લાયઝન અધિકારી તરીકે તાલુકા સી. આર. સી. કોર્ડિનેટર હરસુખભાઈ વિંઝુડા અને આ કાર્યક્રમમાં ધર્મેશભાઈ બારૈયા નગરપાલિકા પૂર્વ સભ્યને પણ બોલાવી અને અમારું પુષ્પગુચ્છ અને પુસ્તક આપી અને અમારું જે સન્માન કર્યું હતું તે બદલ અમે શ્રી સાગર શાળ ા પ્રાથમિક શાળા સ્કૂલના તમામ શિક્ષકોનું હૃદય પૂર્વક ધર્મેશભાઈ બારૈયાએ આભાર વ્યકત કરેલ હતો. સાગર શાળા એસ.એમ.સી.ના સભ્ય સુરેશભાઈ ભાલિયા, ખારવા સમાજ અને મુસ્લિમ સમાજના યુવાનોએ હાજરી આપી હતી.

આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ – ૧ ના બાળકોને કીટ વિતરણ કરી શાળામાં ઉત્સાહભેર પ્રવેશ અપાવ્યો. તેમજ ધોરણ–૩ થી ૮ માં અનુક્રમે ૧ થી ૩ નંબર મેળવનાર બાળ કને તથા શાળામાં ૧૦૦% હાજર રહેનાર બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું.

પ્રસંગ અનુરૂપ વકતવ્ય ડો. શિલુએ આપ્યું જેમાં તેમણે પ્રાથમિક શાળાના શિક્ષકોની કામગીરીને બિરદાવી. તેમજ કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે બાબતે વાલીઓને અપીલ કરી. ત્યારબાદ આભારવિધિ શ્રી સાગર પ્રાથમિક શાળાના આચાર્ય બાલુભાઈ વાઢેર દ્વારા કરવામાં આવી. અંતે શાળામાં વૃક્ષારોપણ બાદ કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# લાઠી : સરકારી હોસ્પિટલ ખાતે મહા રકતદાન શિબિર યોજાઈ

લાઠી, તા. ૧૪

વિશ્વ રકતદાતા દિવસની ઉજવણીનાં ભાગરૂપે લાઠી તાલુકા આરોગ્ય કચેરી લાઠી અને ચાવંડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા સરકારી હોસ્પિટલ ખાતે મહા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. થેલેસેમિયા, સિકલ સેલ, એનીમિયા, હિમોસાઈટોપીનીયા, બોનમેરો ડિસઓર્ડર અને લોહ તત્વની ઉણપને લીધે થતાં ઘણા ગંભીર રોગોમાં દર્દીઓને વારંવાર લોહી ચડાવાની જરૂર પડતી હોય છે. ઉપરાંત જાખમી સગર્ભાને પ્રસુતિ સમયે, એકિસડેન્ટને લીધે થતી ઈજાઓમાં જરૂરિયાત વાળા દર્દીઓને તાત્કાલિક લોહી મળે તો તો તેનું જીવન બચી શકે તેમ હોય છે. ''રકત આપો, પ્લાઝમા આપો, જીવન બચાવો, વારંવાર બચાવો''ની વૈશ્વિક થીમ પર આજરોજ ડો. આર.આર.



મકવાણા, ડો. મુકેશસિંગ, ડો. હરિવદન પરમાર, ગૌતમ બોરડ, પ્રભાત બાંભવા, કપિલ સરવૈયા, આશા બહેનો અને આરોગ્ય સ્ટાફ દ્વારા આ કેમ્પનું સફળ આયોજન કરાયું હતું. જેને લોકો દ્વારા બહોળો પ્રતિસાદ મળ્યો હતો. શાંતા બા મેડિકલ કોલેજનાં સહયોગથી આયોજિત આ શિબિરમાં ખાસ કિસ્સામાં યુગલ દંપતિ, માતા, પુત્રી, કોલેજીયન યુવા વર્ગ દ્વારા સ્વયંભૂ રીતે પ્રથમવાર રકતદાન કરી સામાજિક ચેતનાનું જીવંત ઉદાહરણ પુરું પાડયું હતું. તમામ દાતાઓ અને આરોગ્ય વિભાગનાં સ્ટાફ દ્વારા નિયમિત રકતદાન માટે સંકલ્પ લેવામાં આવેલ હતો. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે લાઠી આરોગ્ય તંત્ર દ્વારા ૧૦૦૦ યુનિટથી વધુ બ્લડ એકત્ર કરેલ હતું તેમજ ચાલુ વર્ષે પણ તેનાથી વધુ સંખ્યામાં બ્લડ એકત્ર કરવા માટે પ્રયત્નશીલ છે.

## મોટાભાગના ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાન સાથે બંધ

# સેન્સેક્સમાં ૮૫, નિફ્ટીમાં ૪૦ પોઈન્ટનો ઊછાળો નોંધાયો

## મેટલ સેક્ટરના શેરમાં ખરીદીથી બજારો ઉછાળા સાથે બંધ

મુંબઈ, તા.૧૪

ભારતીય શેરબજાર બુધવારે તેજી સાથે બંધ થયું. બીએસઈસેન્સેક્સ ૮૫.૩૫ અંક એટલે કે ૦.૧૪% ના વધારા સાથે ૬૩,૨૨૮.૫૧ ના સ્તર પર બંધ થયો. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૩૯.૭૫ પોઈન્ટ્સ અથવા ૦.૨૧ ટકાના વધારા સાથે ૧૮,૭૫૫.૯૦ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. ટાટા કન્ઝ્યુમરનો શેર નિફ્ટીમાં સૌથી વધુ ૫.૧૭ ટકાના વધારા સાથે બંધ થયો હતો.

ટાટા સ્ટીલનો શેર સૌથી વધુ ૨.૩૯ ટકાના વધારા સાથે બંધ થયો હતો. એ જ રીતે ટાટા મોટર્સનો શેર ૧.૪૯ ટકા, પાવરગ્રીડનો શેર ૧.૪૨ ટકા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો શેર ૧.૨૮ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટનો શેર ૧.૦૯ ટકા, એનટીપીસીનો શેર એક ટકા અને નેસ્લે ઈન્ડિયાનો શેર ૦.૯૩ ટકાના વધારા સાથે બંધ રહ્યો હતો. આ સિવાય હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (એચયુએલ), મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, કોટક મહિન્દ્રા બેંક, ટીસીએસ, વિપ્રો, એશિયન પેઈન્ટ્સ અને મારુતિના શેર ધડાકા સાથે બંધ થયા છે.

બુધવારે બજાજ ફાઈનાન્સનો શેર સેન્સેક્સ પર ૦.૯૮ ટકાના ઘટાડા સાથે સૌથી વધુ નીચે બંધ રહ્યો હતો. એ જ રીતે ઈન્ડસઈન્ડ બેંક, એક્સિસ બેંક, ભારતી એરટેલ, બજાજ ફિનસર્વ, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, ટાઈટન, સન ફાર્મા, એચડીએફસી બેંક અને ટેક મહિન્દ્રાના આઈટીસી શેર લાલ નિશાન સાથે બંધ થયા હતા.

બેંક અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સિવાય અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાન સાથે બંધ થયા છે. મેટલ, એફએમસીજી, ઓઈલ એન્ડ ગેસ અને પાવર ઈન્ડેક્સ ૦.૫-૧ ટકાના વધારા સાથે બંધ થયા છે.

# ખાંભા પંથકમાં ઉત્સાહભેર શાળા પ્રવેશોત્સવની ઉજવણી

ખાંભા, ૧૪

ખાંભા તાલુકા તથા ખાંભા શહેરમાં પ્રાથમિક શાળાઓમાં બાળકોને ધોરણ–૧ માં તથા ભૂલકાઓ આંગણવાડીઓમાં પ્રવેશ અપાયો.

ખાંભા શહેરની પે. સેન્ટર કુમારશાળા પ્રાથમિક કન્યાશાળા ભગવતિપરાની નવી વસાહત શાળા જૂનું ગામ પ્રાથમિક શાળામાં ગાંધીનગરથી પધારેલા લાઈઝન ઓફિસર C.C.F. મુકેશ પરમારની અધ્યક્ષમાં શાળા પ્રવેશ અને આંગણવાડીમાં ભૂલકાઓને પ્રવેશ આપવામાં આવેલ છે.

આ અવસરે વર્ષ દરમિયાન કરેલી વિવિધ શાળાકીય પ્રવૃત્તિ માટે બાળકોને પુસ્તકો અને ઈનામ આપી તેમજ શાળામાં પ્રવેશ મેળ વનાર ધોરણ એકના વિદ્યાર્થીઓને પુસ્તક તેમજ આંગણવાડીમાં પ્રવેશ મેળ વનાર ભૂલકાઓને સુખડી ફ્રૂટ કીટ વિતરણ કરવામાં આવેલ છે.આ અવસરે ખાંભાના અગ્રણી બાબાભાઈ ખુમાણ, ભીખુભાઈ બાટા વાળા, લાયઝન ઓફિસર C.C.F. પરમાર દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરી બાળકોને પ્રોસાહિત કરવામાં આવેલ છે.



તમામ શાળાઓમાં શાળ ાઓનો સ્ટાફ તથા આંગણવાડી વર્કરો બેહનો પ્રવેશ મેળવનાર બાળકો અને ભૂલકાઓ તેમજ વાલીઓ તથા વિદ્યાર્થીઓ ભાઈઓ બહેનો ગ્રામ પંચાયતના સભ્યો તેમજ પત્રકાર મિત્રો વિશાલ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થીત રહેલ તેમજ આરોગ્ય કર્મચારી રામકુભાઈ વાળા, જીતુભાઈ હડિયાએ ધોરણ એકના વિદ્યાર્થીઓને હેલ્થ કાર્ડ કાઢી આપેલ છે. શાળા પ્રવેશ ઉત્સવ અને આંગણવાડીમાં પ્રવેશ ઉત્સવમાં ખાંભામાં બાળ વાટિકામાં ૬૪, ધો–૧માં ૧૦ તેમજ આંગવાડીમાં ૩૭ ભૂલકાઓએ પ્રવેશ મેળવેલ.

# લીલીયા : શ્રી પ્રગતિ સેવિંગ્ઝ એન્ડ ક્રેડિટ કો.ઓપ. સોસાની ૧૮મી વાર્ષિક સભા યોજાઈ



લીલીયા શ્રી પ્રગતિ સેવિંગ્ઝ એન્ડ ક્રેડિટ કો–ઓપ. સોસા. લિ.ની ૧૮મી વાર્ષિક સાધારણ સભાની નિમિત્તે સંસ્થાના બોર્ડ ઓફ ડિરેકટર દ્વારા મહત્વના ત્રણ નિર્ણયો લેવામાં આવ્યા. પ્રથમ સંસ્થાનું નવનિર્મિત દિલીપ સંઘાણી ભવનમાં ખેડૂતોનીની સુવિધા માટે કિસાન મોલ બનાવવામાં આવશે. જેમાં દવા, બિયારણ, ખાતર ખેડૂતોને સરળતાથી સમય સર મળી રહેશે એવી વ્યવસ્થા કરવામા આવશે. બીજો નિર્ણય સભાસદોને માટે દિલીપભાઈ સંઘાણી ભવનમાં નાગરિક સુવિધા કેન્દ્ર બનાવવામાં આવશે. જેમાં રાજય સરકાર, કેન્દ્ર સરકાર કેસરકારી યોજનાની માહિતી તથા માર્ગદર્શન વિમૂલ્યે પૂઢં પાડવું તથા સરકારી યોજનાના ફોર્મ અને ઓનલાઈન અરજી વિનામૂલ્ય ભરી આપવામાંઆવશે. ત્રીજોનિર્ણય સંસ્થાની ટુંક સમયમાં સુરત ખાતે બ્રાંચ ખોલવામાં આવશે. આ વર્ષે સંસ્થાએ ૩૩ લાખ કરતા વધારે નફો કરી સભાસદોને ૧૦% ડિવિડન્ડ આપવાની જાહેરાત કરવામાં આવેલ.

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ગોળ દવાખાના કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.
અમરેલીની જનતાના હિતમાં નિર્ણય લઈ ગોળ હોસ્પિટલ દ્વારા "આયુષ્યમાન કાર્ડ" અંતર્ગત તદ્દન મફતમાં સર્જરી વિભાગ ચાલુ કરે છે
અમરેલીના પ્રખ્યાત સર્જન દ્વારા ઓપરેશન કરવામાં આવશે
ડૉ. પ્રદિપ ધડુક M.S.જનરલ સર્જન
ડૉ. કાજલ બગડા M.S.Ayu.(હરસ-મસા-ભગંદરનાં નિષ્ણાંત)
- હરસ-મસા-ભગંદર અને ફીસરનાં ઓપરેશન.
- મળમાર્ગને લગતા રોગોની સારવાર ઉપલબ્ધ.
- હર્નિયા (સારણગાંઠ), સુન્નતના ઓપરેશન.
- દુરબીન દ્વારા એપેન્ડિક્ષ તથા પિતાશયની કોથળીનું ઓપરેશન
- સ્તનની સાદી ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશન.
- હાઈડ્રોસીલ (વધરાવળ)નું ઓપરેશન.
: નોંધ : બાજુમાં દર્શાવેલ ઓપરેશન (સર્જરી) આયુષ્યમાન કાર્ડમાં તદ્દન ફ્રી માં કરી આપવામાં આવશે

## જામનગરનાં લશ્કરી મથકોથી ૮૫ જેટલા આર્મીમેન આવી પહોંચ્યા

# અમરેલી ખાતે સંભવિત વાવાઝોડાને લઈને આર્મીમેનનું આગમન

**જિલ્લામાં મેડિકલથી લઈને કોઈ આકસ્મિક જરૂરિયાત ઉભી થાય તો પહોંચી વળવાની તંત્ર દ્વારા કવાયત**

**દેશની સરહદી સુરક્ષા કરતાં જવાનો દેશવાસીઓની કુદરતી આફત સામે પણ સુરક્ષા કરવા તૈયાર**

**પાલિકા કચેરીમાં આર્મીમેન માટે તમામ પ્રકારની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી**

**નાયબ દંડક કૌશિક વેકરિયા અને પાલિકાનાં પદાધિકારીઓએ શુભેચ્છા મુલાકાત લીધી**





અમરેલી, તા. ૧૪
અમરેલી જિલ્લામાં સંભવિત "બિપરજોય" વાવાઝોડાને અનુલક્ષીને જામગનર ખાતેનાં લશ્કરી મથકેથી ૮૫ જેટલા જવાનોની ટીમનું મેડિકલથી લઈને કોઈ આફત આવે તો પહોંચી વળવા માટે અમરેલી ખાતે આજે આગમન થયેલ છે.

અમરેલી જિલ્લામાં પણ દરિયાકાંઠો હોય અને વાવાઝોડાનાં કારણે કોઈ આફત આવે તો આગોતરા આયોજન સ્વરૂપે ૮૫ જેટલા જવાનો આવી પહોંચ્યા છે. તેઓને પાલિકા કચેરી ખાતે પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં આવી છે.

દેશનાં બહારી દુશ્મનોથી દેશવાસીઓનું રક્ષણ કરતાં દેશનાં ગૌરવસમા લશ્કરનાં જવાનો દેશમાં આવતી કુદરતી આફતોથી દેશવાસીઓને રક્ષણ આપવા હંમેશા તૈયાર જ હોય છે.

અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાએ આજે જવાનોની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ તકે પાલિકાનાં કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, સંજયભાઈ રામાણી વિગેરે પણ સાથે જોડાયા હતા.

### બિપરજોય અંગે ગુજરાતમાં હાઈએલર્ટ

## બિપરજોય ચોમાસાનાં પ્રવાહથી છુટું પડયું, વરસાદ પર અસર નહીં થાય

**એવી કોઈ મોટી શકયતા નથી કે આ સાયકલોન ચોમાસાની ગતિ અથવા કામગીરીને મોટા પાયે અસર કરે**

નવી દિલ્હી, તા.૧૪
અરબ સાગરમાં અતિ ગંભીર સાયક્લોન કેટેગરીમાં પ્રવેશી ગયેલા 'બિપોરજોય' અંગે હવામાન વિભાગે ગુજરાતમાં હાઈએલર્ટ જાહેર કર્યું છે. આ વાવાઝોડાંને કારણે જ ભારતમાં ચોમાસાનું આગમન પણ મોડું થયું છે ત્યારે ચોમાસાને લઈને એક રાહતના સમાચાર આવ્યા છે. ભારતના હવામાન વિભાગ (આઈએમડી)નું કહેવું છે કે બિપોરજોય વાવાઝોડું

અનુસંધાન પાના ૬ ઉપર

### લાઠી નજીક આવેલ

## ધામેલ ગામે પાણીની મોટર શરૂ કરવા જતાં વૃધ્ધાને ઈલેકટ્રીક શોક લાગતા મોત

અમરેલી, તા. ૧૪
લાઠી તાલુકાનાં ધામેલ ગામે રહેતા લીલાબા ભાવુભા ગોહિલ નામનાં ૬૮ વર્ષિય વૃધ્ધ તા. ૧૩નાં રોજ રાત્રે ૮ વાગ્યાનાં સમયે પોતાના ઘરે પાણીની મોટર શરૂ કરવા જતાં વૃધ્ધાને ઈલેકટ્રીક શોક લાગતા તેમનું મૃત્યુ થયાનું દામનગર પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### વાવાઝોડા અંગે રાહત કમિશનરનું નિવેદન

## વાવાઝોડું કચ્છથી ૨૯૦ કિમી દૂર છે અને આજે સાંજે લેન્ડફોલ થવાની શક્યતા

**પવનની ગતિ ૧૦૦ કિમી થી લઈને ૧૪૦ કિમી રહેવાની સંભાવનાં છે**

અમદાવાદ, તા.૧૪
બિપોરજોય વાવાઝોડાને લઈને વહીવટી તંત્ર દ્વારા દરિયા કિનારાનાં નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું છે. તેમજ લોકોને સુરક્ષીત જગ્યાએ તેઓને ખસેડવામાં આવ્યા છે. જ્યાં તેઓની રહેવાની, જમવાની સુવિધા કરવામાં આવી છે. તેમજ બિપોરજોય વાવાઝોડાને લઈને રાહત કમિશ્નર દ્વારા નિવેદન આપ્યું છે કે, વાવાઝોડાને લઈ મુખ્યંત્રીએ સમીક્ષા બેઠક કરી હતી. તેમજ હાલ વાવાઝોડું કચ્છથી ૨૯૦ કિમી દૂર છે.

૧૫ જૂનનાં સાંજે ૫ વાગ્યે વાવાઝોડું લેન્ડફોલ થવાની શક્યતા છે. ત્યારે વાવાઝોડાનાં કારણે માંડવી અને દ્વારકામાં ભારે વરસાદ થશે. ૫૫ હજાર લોકોનું સ્થળાંતર કરવાની જરૂર હતી. ત્યારે અત્યાર સુધીમાં ૫૦ હજાર લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. તેમજ આજે સાંજ સુધીમાં બાકીનાં તમામ લોકોનું સ્થળાંતર કરાશે. વાવાઝોડાને પગલે કેટલાક ગામોમાં વીજળી કપાઈ હતી. જ્યાં વીજળી કપાઈ હતી ત્યાં તમામ ગામમાં તાત્કાલિક ટીમ મોકલવામાં આવી છે. વીજ પુરવઠા માટે ૨૦૦ ટીમો અલર્ટ રખાઈ છે. અત્યારે દ્વારકામાં સબ સ્ટેશન ડેમેજ થયું છે. વાવાઝોડું જે જીલ્લામાં અસર કરશે ત્યાં NDRF-SDRF ની ટીમો પહોચી ગઈ છે.

આ બાબતે રાહત કમિશ્નર આલોક પાંડેએ જણાવ્યું હતું કે, આજે મુખ્યમંત્રી દ્વારા ઈમરજન્સી સેન્ટરમાં આવીને તમામ ડિપાર્ટમેન્ટ તેમજ જીલ્લા કલેકટરો સાથે વાત કરી હતી. ૧૫ તારીખે સાંજે કચ્છમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### કુદરતી આફત આવે ત્યારે સૌથી પહેલા રેડિયો જ મોખરે

## સૌરાષ્ટ્રના દરિયા કિનારે હેમ રેડિયોની ૭ ટીમ તૈનાત

**રાજકોટ ખાતે તૈનાત કરવામાં આવેલ કંટ્રોલરૂમ સૌરાષ્ટ્ર તેમજ કચ્છના દરિયાકાંઠાની પરિસ્થિતિ અંગે ગાંધીનગર કંટ્રોલરૂમને રિપોર્ટિંગ કરે છે**

રાજકોટ, તા.૧૪
આજના અત્યાધુનિક યુગમાં ખૂબ જ આધુનિક સંસાધનો આવી ચૂક્યા છે પરંતુ કોઈ પણ પ્રકારની કુદરતી આફત આવે ત્યારે સૌથી પહેલા અને મોખરે હર-હંમેશા રેડિયો જ હોય છે. ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયા કાંઠે આવેલા જિલ્લાઓ પર બિપરજોય વાવાઝોડાનો ખતરો મંડરાઈ રહ્યો છે. ત્યારે બીપરજોય વાવાઝોડા જેવી કોઈપણ કુદરતી આફત આવે ત્યારે વીજળી ગુલ, નેટવર્કમાં નુકસાની સહિતના પરિબળોને લીધે જરૂરી કે

અનુસંધાન પાના ૬ ઉપર

### અલગ અલગ ૬ ટીમમાં ૪૧ કમાન્ડો સજ્જ

## જૂનાગઢના માંગરોળમાં વાવાઝોડાને લઈને કમાન્ડો ફોર્સ તૈયાર

**લાઈફ જેકેટ, બાઈનોક્યુલર, વાયરલેસ સેટ સહિતના સાધનોથી કમાન્ડો ફોર્સ સજજ છે**

જૂનાગઢ, તા.૧૪
વાવાઝોડાને કારણે ગુજરાતના અનેક જિલ્લાઓ પ્રભાવિત થવાની શક્યતા છે. વાવાઝોડાની અસરને પગલે દરિયો ગાંડોતૂર બન્યો

અનુસંધાન પાના ૬ ઉપર

## બગસરામાં પાલિકાનાં બાંધકામ સમિતિનાં પૂર્વ ચેરમેન યુનુસભાઈ બિલખીયાનું નિધન

બગસરા, તા. ૧૪
બગસરા નગરપાલિકાનાં બાંધકામ સમિતિનાં પૂર્વ ચેરમેન યુનુસભાઈ અબ્દુલભાઈ બિલખીયા ઉમર વર્ષ ૬૭નું તા. ૧૪/૬/૨૩નાં રોજ નિધન થતાં બગસરામાં ઘેરો શોક જોવા મળ્યો છે. મરહુમની જીયારત તા. ૧૬/૬/૨૩નાં રોજ સવારે ૧૦:૦૦ કલાકે બગસરા જુમ્મા મસ્જિદમાં રાખેલ છે.

નારી હોસ્પિટલ
હવેથી અમો મળીશું નીચેના નવા સરનામા પર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091
નારી હોસ્પિટલ હવે નવા રંગરૂપમાં, આધુનિક સાધનો તથા અદ્યતન સુવિધાઓ સાથે દર્દીઓને ઉત્તમ વાતાવરણ તથા સારવાર મળી રહે તે હેતુથી અમો નવી જગ્યાએ પ્રસ્થાન કરી ચુકયા છીએ તો હવેથી અમારૂ નવું સરનામું નીચે મુજબ રહેશે.
નવું સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

LG BEST SHOP
NEW
LG REFRIGERATORS
STUNNINGLY STYLISH
— FLORAL & ART SERIES —
LG DIRECT COOL REFRIGERATORS
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
ધર્મ કરતા કર્મ એટલા માટે ચડિયાતો છે કે ધર્મ કરીને ભગવાન પાસે માંગવું પડે છે. જયારે કર્મ કરો, એટલે ભગવાન ને આપવું જ પડે છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

Krishna Dining Hall
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૨૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૭૦૨

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)